
Summit



# અધ્યાત્મ

વર્ષ : ૧૭ મે–૧૯૯૬ અંક : ૮

## * બદ્ધ અને મુક્ત જીવ *

ગીતામાં બદ્ધ જીવ અને મુક્ત જીવની અથવા જીવાત્માની તથા પરમાત્માની કથા કહેવામાં આવી છે. બદ્ધ જીવના પ્રતિનિધિરૂપે અર્જુન છે અને મુક્ત તથા પૂર્ણ જીવ કે પરમાત્મના પ્રતિનિધિ તરીકે ભગવાન કૃષ્ણ છે. અર્જુનમાં નરનું ને ભગવાન કૃષ્ણમાં નારાયણનું દર્શન થાય છે. જીવને જાતજાતની સમશ્યાઓ સતાવે છે. એના નિર્ણયો નિશ્ચિત નથી હોતા. એના સંકલ્પવિકલ્પો અને એની યોજનાઓ ચંચલ હોય છે. એને પ્રશ્નો અને સમશ્યાઓ સતાવે છે, બેચેન બનાવે છે, ને કર્તવ્યક્ષેત્રમાંથી, કર્તવ્યનિષ્ઠામાંથી ડગાવે છે. કદીક જ્ઞાન તો કદીક અજ્ઞાન ઘેરી વળે છે. શિવના સંબંધમાં એવું નથી હોતું. એવી વિરોધાભાસી અવિદ્યામય અચોક્કસ અવસ્થાની કલ્પના પણ કરી શકાતી નથી. એ હમેશાં આત્મતૃપ્ત, આત્મારામ, આત્મનિષ્ઠ હોય છે. પરમાત્મા પ્રકૃતિના અધીશ્વર છે. પ્રકૃતિથી અલિપ્ત છે. જીવ પ્રકૃતિનો સેવક અને પ્રકૃતિમાં આસક્ત છે માટે જ પરવશ બની બેઠો છે. પરમાત્માના અસીમ અનુગ્રહ સિવાય, પરમાત્માને ઓળખ્યા સિવાય, એ પરવશતામાંથી મુક્તિ નથી મળી શકતી.

કોઈ કુશળ કળાકાર પોતાની લોકોત્તર કળાની મદદથી કોઈક અસાધારણ કળાકૃતિનું નિર્માણ કરે તેવી રીતે મહર્ષિ વ્યાસે ગીતાના આરંભમાં ભગવાન કૃષ્ણના અને અર્જુનના રેખાચિત્રને રજૂ કર્યું છે.

યોગેશ્વરજી

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૫–૦૦
વિદેશમાં રૂા. ૨૦૦–૦૦ (વિમાનથી)

- સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- તંત્રી–સંપાદક શ્રી નારાયણ હ. જાની.
- સહસંપાદકો શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- તંત્રી, મુદ્રક અને પ્રકાશક નારાયણ હ. જાની. ફોન ૪૨૫૮૧૧
- મુદ્રણસ્થાન રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી ૧, બોરડીગેટ, ભાવનગર–૧.


### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ લખવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| ઈશ્વર સાન્નિધ્યની સાધના | યશસ્વીભાઈ પ. મહેતા | ૧૩ |
| સ્વાધ્યાય | યોગાચાર્ય શાન્તિકુમાર જ. ભટ્ટ | ૧૭ |
| સ્ત્રી સંત-શ્રીઇંદિરાદેવી | ઝિંઝુવાડિયા કનૈયાલાલ | ૨૨ |
| પ્રભુનો પ્રસાદ | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૨૮ |
| ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર સાથે મુલાકાત | મહેન્દ્રનાથ ગુપ્ત | ૨૯ |
| શ્રીમદ્ ભાગવત વિમર્શ | ભાગવતાચાર્ય જનાર્દનભાઈ દવે | ૩૪ |
| તપશ્ચર્યાનો મંગલ મહોત્સવ | ભક્તયાત્રી | ૩૮ |
| સિદ્ધયાત્રી શ્રી સર્વેશ્વરી | સુશીલાબેન એમ. ભક્ત | ૪૭ |
| મહાનિર્વાણનો મહોત્સવ | અનુરાગી | ૫૫ |




# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૭ મે-૧૯૯૬ અંક : ૮

## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૧૦-૫-૮૧, રવિવાર, વૈશાખ સુદ સાતમ**

**(ભાનુ સાતમ), ૨૦૩૭, સ્થળ : કપૂરા**

આજે સુરતથી સમયસર વિદાય લેવાની હતી. જેથી પૂ. શ્રી સમયસર ઊઠી, સ્નાન કરી, વ્યાયામ કરી, ગીતાપાઠ કરી ધ્યાનમાં બેઠા. સાડા આઠે થોડા ભાઈબહેનો પૂ. શ્રીને કપૂરા જવા વિદાય આપે છે.

આજે કપૂરાના આ એક જ દિવસના પ્રવાસમાં શ્રી ભટ્ટ-સાહેબ તથા શ્રી લેખડિયા પણ હતા.

કપૂરામાં સૌ ભાઈબહેનોએ પૂ. શ્રીને પ્રણામ કરી સ્વાગત કર્યું. સૌ બહેનોએ નીચેનું ભજન ગાયું :

આટલો સંદેશો મારા ગુરુજીને કહેજો,
સેવકના હૃદયામાં રહેજો. સંદેશો મારાં૦
કાયાનું દેવળ અમને કાચું રે લાગે,
સાચી શિખામણ અમને દેજો. સંદેશો મારાં૦
કાયા પડશે તો હંસ ક્યાં જઈ સમાશે,
તેની ભલામણ અમને દેજો. સંદેશો મારાં૦
બ્રહ્માનું રૂપ મારી નજરે ના આવે,
તેના તે દર્શન અમને દેજો. સંદેશો મારાં૦
ધર્મરાજ! તો અરજી ગોસાંઇ સુણાવે,
ભક્તિને મુક્તિ અમને દેજો. સંદેશો મારાં૦
ચરણ કમળના અમે તો દાસ છીએ,
જન્મો જન્મ હૃદયામાં રહેજો. સંદેશો મારાં૦

ભજનબાદ પૂ. શ્રીએ પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ રાખવો હોય તો રાખો એમ શ્રી ઈશ્વરભાઇને કહ્યું. એટલે પ્રશ્નો શરૂ થાય છે. શ્રી ઈશ્વરભાઈ જ પ્રશ્ન પૂછે છે :

**પ્રશ્ન :** દુષિત કર્મો સામે સત્કર્મ કરીએ તો તેની અસર ઓછી થાય? સત્કર્મ પણ સોનાની સાંકળ જેવું બંધન છે તો શું કરવું?

**પૂ. શ્રી :** સત્કર્મ તો કરો જ, જે ખરાબ કર્મો થઇ ગયાં છે તેનાં ફળ તો મળશે જ. પણ નવાં કુકર્મો ન થાય તેની જાગૃતિ રાખો ને સત્કર્મો શરૂ કરો.

**પ્રશ્ન :** અશ્વસ્થ એટલે શું?

**પૂ. શ્રી :** (પ્રશ્નનો જવાબ પૂ. શ્રીએ ખૂબ વિસ્તૃત રીતે આપ્યો, જેનો ટૂંકસાર આ મુજબ હતો.)

અ = નહીં. શ્વ = આવતીકાલ. સ્થ = રહેવું.



આજે છે તેવું આવતીકાલે નથી. પરિવર્તનશીલ છે. શરીરરૂપી વૃક્ષનું મૂળિયું પગનો અંગૂઠો નથી, પણ મૂળ કે જ્યાં નિર્ણયો, યોજના, ચિંતન મનન કરીએ છે તેમાં પ્રતિષ્ઠ છે. તે રીતે બ્રહ્માંડનું મૂળ સ્થૂળ રીતે જોઇએ તો પૃથ્વીના આકર્ષણથી ઉપર જતાં ઉપર પરમધામ કહ્યું છે.

**यतः प्रवृत्ति प्रसूता पुराणी ॥**

જ્યાંથી આ બધી વૃત્તિઓ જાગે છે, પ્રવૃત્તિઓ થાય છે. આપણે હંમેશા યાદ રાખવું કે આપણું મૂળ ઉપર છે. ઉત્તમ પુરુષ પરમાત્મા છે. તે નિત્ય ને સનાતન છે. તેને જ યાદ રાખવા તે જ સુખ આપશે.

ત્યાં વળી થોડા ભાઈબહેનો પૂ. શ્રીને પ્રણામ કરી આવી બેઠાં. આજે પૂ. શ્રી ધાર્યા કરતાં જલ્દી આવી ગયા. સૌ સ્વાગત કરનાર મોડા પડયાં હતાં. પૂ. શ્રીએ સૌ ભાઈબહેનોને કહ્યું, "બહાર તાપ છે તેથી સુખેદુઃખે ગોઠવાઈ જાઓ, ઉપર આવી જાઓ." ત્યારબાદ પૂ. શ્રીની નજર ઝામ્બિયાવાળા ઈશ્વરભાઇ પર પડી, જેથી પૂ. શ્રીએ ઈશ્વરભાઈની સેવાની પ્રશંસા કરીને કહ્યું, "ઈશ્વરભાઈને એમના જ ગામમાં મળતાં મને ખૂબ આનંદ થાય છે. એમણે ખૂબ પ્રેમપૂર્વક અમારી સેવા કરી હતી. ઝામ્બિયામાં મળ્યા તે પહેલાં તેમને એક પુસ્તક મળ્યું. અને એમાંથી પ્રભુ જેવી જેની ભાવના તેવો તેને ખોરાક પૂરો પાડે છે, એ રીતે તેમને પુસ્તક પછી શ્રી શુક્લજી મળ્યા.

શ્રી શુક્લજી અમારી સાથે નાનપણમાં ભણતા. અમને અવધૂતરૂપે સાધના કરતાં પણ જોયેલા. હું હમણાં એ વાત કરું પણ તમને એ વાત સમજમાં ન આવે, પણ શ્રી શુક્લજી એ વાત સમજી શકતા.

ત્યાં વળી શ્રી ભટ્ટસાહેબને એક પ્રશ્ન ઊઠયો જે વ્યક્ત પણ કર્યો.

**પ્રશ્ન** : મહાત્માજી, કપૂરામાં રહીને સત્કર્મ કઇ રીતે કરી શકાય?

**પૂ. શ્રી** : જુઓ ભાઇ, કોઇ પણ માણસ કપૂરામાં રહેતા હોય, વ્યારામાં રહેતા હોય, અરે! સુરતમાં રહેતા હોય કે દેવલોક કે ચંદ્રલોકમાં રહેતા હોય, પણ તેણે સત્કર્મ તો કરવું જ જોઇએ. કુકર્મ ન કરવું. વ્યસન ન રાખવું. પરસ્ત્રીગમન કે પરપુરુષગમન એ બધું છોડવું. તો એના જેવું સત્કર્મ બીજું કોઇ નથી. માણસે નિયમ લેવા જોઇએ, કે જેની સાથે લગ્નથી જોડાયા તેની સાથે વફાદારી રાખવી. આખુંય વિશ્વ જ કર્પૂર ગૌરમ્ છે. પણ તમે ગમે ત્યાં રહો, પ્રાર્થનાનો નિયમ રાખો. સવાર સાંજ જપ, ધ્યાન, વાંચન કરો. દરરોજ ગીતાનો એક અધ્યાય પણ વાંચી શકાય. એમાં સાંસારિક કામો આડે આવતાં નથી.

દર મહિને અમુક રકમ દાન કરો. મોટેરાની સેવા કરો. નાનેરા પ્રત્યે પ્રેમ રાખો. સારી વસ્તુ હોય તો તેને કદરના બે શબ્દો કહો. એમ ન માનો કે આ આજકાલનું છોકરું ને વળી પ્રોફેસર થઇ ગયું! એને તો મેં તેડેલું, એવો ફાંકો રાખે, પણ આજે તો એ તમને તેડે એવો છે. વિદ્યામાં, ગુણમાં, સ્વરૂપમાં બદલાય તો માનથી બોલાવતા શીખો. બીજાના સારા ગુણો જોઇને ઉત્સાહ આપો. કડવાશ ન રાખો. કટુતા ઓછી કરો. જીભ છે ત્યાં મધ છે. જીભ છે ત્યાં ઝેર પણ છે. તો મીઠા જ બનો, બીજાને શાંતિ ને સુખ આપો. શ્રી ભટ્ટસાહેબ કહેવા લાગ્યા, આ કપૂરા ગામ અમારે તીર્થ જ છે. જે ધરતીને ખોળે ને જે



માતાપિતાને ખોળે પૂ. સર્વેશ્વરી જેવાં જનમ્યાં તો કંઇક એવું સત્કર્મ અહીં થવું જોઇએ. તો માર્ગદર્શન આપો.

**પૂ. શ્રી** : શું તમે મંદિર બાંધવા માંગો છો? એ તો ગામના લોકો વિચારે, મારે કે તમારે વિચારવાનું નથી. શ્રીમદ્ રાજચંદ્રના ગયા પછી વવાણિયામાં પણ મંદિર થયું, પણ આ ગામમાં તો મા સર્વેશ્વરીને સૌ માનથી જ જુએ છે. આ ગામ જ સંસ્કારી, ભાવિક ને સત્સંગી છે. સાથે મળીને સત્કર્મો થઇ શકે. વધુ ને વધુ એ પ્રવૃત્તિ થાય એ ઇચ્છવાજોગ છે.

ત્યાં વળી પૂ. શ્રી શ્રી ઈશ્વરભાઇ (ઞમ્બિયાવાળા)ને કંઇક બોલવાનું સૂચન કરે છે. ઈશ્વરભાઇએ ખૂબ સંકોચ સાથે ઊભા થઇ બોલવાનું શરૂ કર્યું. જેનો સારાંશ નીચે મુજબનો હતો.

ઘણીવાર 'ગામનો જોગી જોગટો', 'ઘર કી મુર્ગી દાલ બરાબર'—પણ આંતરિક ખોજ કરીએ તો જોઇ શકીએ કે સર્વેશ્વરી તો ભક્ત સમાજનું રત્ન છે. આપણા ગામ સિવાય એમને બહારગામમાં જુઓ તો ખબર પડે કે એઓનું કેટલું માન છે. આપણા ગામનું નામ તેમના જન્મથી ઉજ્જવળ થયું છે. ગામને માટે તે ગૌરવ લેવા જેવી વસ્તુ છે.

ઘણીવાર નજીકના ન ઓળખી શકે, પણ હું કહું છું કે આપણે એમને સારી રીતે ઓળખતાં શીખીએ. આપણા સૌ કરતાં એમનો આત્મા દિવ્ય છે. એમનાં ભજનો પણ ખૂબ સુંદર છે. ત્યાં વળી ઈશ્વરભાઇનું વ્યક્તવ્ય પૂર્ણ થતાં ભટ્ટસાહેબ કહેવા લાગ્યા : સુરતમાં પણ નિયમિત ડાયરીનું પાનું વંચાયું, જેમાં ખ્યાલ આવે કે નિયમિત ક્રમ ચાલે છે. રાત્રે મોડા સૂઇ એક વાગ્યે તો ઊઠી જવું એ આપણાથી બને એવું છે? એ જ વિચારવું રહ્યું.

સમય થતાં બાર વાગી ગયા. આથી સૌ પ્રણામ કરી વિદાય થાય છે. ત્યારબાદ પૂ. શ્રી ભોજન લે છે. આજે ભોજનમાં ઘણી ઘણી વાનગીઓ હતી. આ ઘરનાં યજમાન શ્રીશારદાબહેનની પૂ. શ્રી પ્રશંસા કરે છે.

ભોજનબાદ પૂ. શ્રી આરામ કરે છે. સર્વેશ્વરી ડાયરીનું લેખન કરી એમના પિતાજીને મળવા જાય છે. થોડીવાર વાતો કરી સર્વેશ્વરી એમના કાકા (કે જેઓ સાધનામય જ જીવન ગાળે છે) શ્રી તુલસીભાઇ રામભાઇ ભક્તને મળવા ગયાં.

શ્રી તુલસીભાઇ વર્ષોથી સાધનામય જીવન જ ગાળે છે. અમુક કલાક જ ઘરનાં સાથે ગાળે છે તેઓએ પ્રકાશના પંથે વાંચ્યું છે. પૂ. શ્રીનાં પ્રવચનો ત્રણ વરસથી સાંભળે છે.

વરસોથી સાધના કરે છે, તેમાં જે સ્થિતિએ પોતે જવા માંગે છે તે એકવાર નવસારીમાં ૧૯૭૮ માં પૂ. શ્રીને તેઓ મળ્યા ત્યારે પ્રણામ કરતાં કરતાં એમને તે ભૂમિકા પ્રાપ્ત થઇ હતી. આ વર્ષે તેઓ વધુને વધુ સાધનામય જીવન જીવવા લાગ્યા છે. પરિણામે થોડા કલાક ઘરનાંની સાથે ગાળતા હતા—તે પણ સંપૂર્ણ બંધ કર્યું, અને પૂ. શ્રી ઉપર, પોતાના સાધનાખંડમાં પધારે એવી ભાવના તેઓ ત્રણ વરસથી કરતા હતા. આ વરસે વિશેષરૂપે તે ભાવના પ્રગટી. પણ પૂ. શ્રી કોઇને ત્યાં ખાસ જતા નથી. ને માતાજીના સ્વર્ગવાસ પછી તો બધે જ જવાનું બંધ છે. એટલે એમની પૂ. શ્રીનાં પગલા એમના સાધનાખંડમાં પડે એ ભાવનાની પૂર્તિરૂપે શ્રી ઈશ્વરભાઇના આગ્રહથી સર્વેશ્વરી તેઓને મળવા જાય છે.

તેઓએ સર્વેશ્વરી સાથે વાત કરતાં જણાવ્યું કે પૂ. યોગેશ્વરજી અહીં પધારે તો મારી સાધનમાં વધુ મદદ મળે.



**સર્વેશ્વરી :** પણ તમે એમ જ માનો ને કે એ સૂક્ષ્મરૂપે તમારી પાસે જ છે.

**તુલસીભાઇ :** હા, તે તો છે જ. પણ સ્થૂલરૂપે આવે તો મને આનંદ થાત. પણ જુઓ, હમણાં થોડા દિવસ ઉપર જ પૂ. શ્રીએ મારા ઉપર સુરતથી ફૂલ મોકલેલું. તે આ રૂમમાં જ રાખ્યું ને તેમનો ફોટો પણ રાખું છું. પણ ફૂલ મળ્યું તે દિવસથી મારી સાધનમાં મેં ધારેલું તેની પૂર્તિ થવા લાગી. મને એમાં ખૂબ ખૂબ વેગ મળ્યો. થોડી ઝાંખીઓ પણ થઇ. એટલે મને ખૂબ લાભ થયો, ને વિશેષ લાભ મળે તે માટે તેઓ પોતે જ અહીં આવે તેવી ઇચ્છા હતી, પણ હવે શું?

**પૂ. મા :** તમે નીચે નથી ઊતરતા, પણ સંતના દર્શને તો ઊતરવું જ જોઇએ ને? આજે દર્શન કરવા તો ઉતરજો.

**તુલસીભાઇ :** હા, દર્શન કરીને ઉપર પાછો મારા રૂમમાં આવી જઇશ. (ને સાચે જ પ્રવચન સમયે તેઓએ પૂ. શ્રીનાં દર્શન નીચે આવીને કર્યાં) તેઓ સર્વેશ્વરી કરતાં ઘણા મોટા છે. ૭૬ વરસના છે છતાં તેઓ સર્વેશ્વરીને ફૂલનો હાર પહેરાવી નીચા નમીને પ્રણામ કરે છે.

તમે તો જીવન ધન્ય બનાવી દીધું. તમને તો બધું જ પ્રાપ્ત થઇ ગયું.

સર્વેશ્વરીને એ જોઇને થોડો સંકોચ થયો. પણ આનંદ થયો કે મને સમજનાર મારા પરિવારમાં પણ કોઇ છે ખરાં!

સુરતમાં તા. ૮ મીએ આપેલો વાર્તાલાપ સર્વેશ્વરીનાં માતા-પિતા અને ભાઇ—ભાભી સાંભળે છે. ત્યારબાદ પ્રશ્નોત્તરીનો મુલાકાતનો સમય થતાં સૌ ભાવિકો આવે છે. પૂ. શ્રી પોતાના ઓરડામાંથી બહાર આવી સોફા પર બેસે છે. પ્રશ્નો શરૂ થાય છે.

**પ્રશ્ન :** આત્મબળ ને મનોબળ વચ્ચે શો તફાવત છે?

**પૂ. શ્રી :** આત્મા અને મન બંને જુદા છે. બંનેનાં બળ પણ જુદાં છે. મનનું બળ, સંકલ્પનું બળ, પ્રાણનું બળ, શરીરનું બળ એમ જુદાં જુદાં બળ છે. (ઘણી વિસ્તૃત રીતે પૂ. શ્રીને એનો જવાબ આપ્યો પણ નોંધ ન કરી.)

**પ્રશ્ન :** તમને બ્રહ્મા, વિષ્ણુ, મહેશનાં દર્શન તમારી ઇચ્છા પ્રમાણેનાં થયાં છે?

**પૂ. શ્રી :** મને તેની શા માટે ઇચ્છા થાય? હા, બ્રહ્માને દર્શન કરવાની ઇચ્છા થાય તો આવે. એ તો કેબિનેટ પ્રધાન છે. એના કરતાં જેનું એ પ્રધાનમંડળ છે તે પરબ્રહ્મને મળવાની જ ઇચ્છા હતી. વિષ્ણુ દર્શનની વાત આવે છે, શિવદર્શનની વાત પણ પ્રકાશના પુંજેમાં આવે છે. તે દર્શન અલૌકિક હતાં માનવશરીર કરતાં વધારે આકર્ષક, વધુ તેજસ્વી ને ઓજસ્વી. જમીનથી અદ્ધર ઊભેલું તે દિવ્ય રૂપ હોય છે. શંકરનાં દર્શન મને ઘણીવાર થયાં પણ તે સાપ વિનાનાં.

**પ્રશ્ન :** સનાતન હિંદુ ધર્મ એટલે શું?

**પૂ. શ્રી :** સના=સદા અને તન=ચાલનારો. સદાને માટે ચાલનારો. તે કદી જનમ્યો જ નથી જેમ ખ્રિસ્તી ધર્મ, ઇસ્લામ ધર્મ, પારસી ધર્મ જનમ્યો એમ હિન્દુ ધર્મ જનમ્યો નથી. આદ્યશંકરાચાર્ય મહારાજે એ ધર્મ સ્થાપ્યો નથી. પણ એ ધર્મને દૂધ પાયું છે. આ સનાતન ધર્મ બધા ધર્મની જેમ એક વ્યક્તિ કે એના ઉપદેશ પર આધાર નથી રાખતો. આપણો એ સનાતન ધર્મ તત્ત્વ પર નિર્ભર છે.

ત્યારબાદ ૯-૫-૮૧ ના રોજ પ્રવચનની પૂર્ણાહુતિ પ્રસંગે જે



આભારદર્શન થયું તેની ટેપ મૂકવામાં આવી. ત્યારબાદ સૌ પ્રણામ કરી વિદાય થયા. પૂ. શ્રી પોતાની પ્રાર્થનામાં બેઠા. સ્નાન કરી છેક સાડા સાત વાગ્યા પછી ભોજનમાં ખીચડી લીધી. ત્યારબાદ પ્રવચન શ્રી ઈશ્વરભાઇના આંગણામાં થયું. સર્વેશ્વરીને પણ બોલવાનું સૂચન થયું. જેથી તેમણે ત્રણ પ્રસંગ કહ્યા.

આજે પ્રવચનમાં જવા માટે પૂ. શ્રીએ ખુલ્લી હવામાં ચાલતાં જ જવાની ઇચ્છા કરી, જેથી પગપાળા જ પ્રવચન સ્થળે પહોંચ્યા, અને પ્રવચન પૂરું કરી ઉતારા પર ચાલીને આવ્યા. તો કપૂરાના ભાવિક બેનોએ નીચે મુજબ સુંદર ભજન ગાતાં ગાતાં પૂ. શ્રીની પાછળ ચાલતાં ચાલતાં વિદાય આપી. એ દૃશ્ય ખૂબ સુંદર હતું. જાણે શ્રી કૃષ્ણને વિદાય આપતાં હોય એવો એક ગોપીઓનો સમુદાય જ ન હોય એવું લાગતું હતું!

ભજન :

સત્ગુરુ સહાય કરો એકવાર રે,
મારો તો મૂરખનો અવતાર રે,
પત્થર કરતાં કઠણ હૈયું પ્રભુ મારું રે,
તેમાં તો નામ ન ભેદ તમારું રે. સત્ગુરુ૦
સત્ગુરુની વાત છે વાંકી રે,
સત્ગુરુએ પત્થર કાઢ્યા ટાંકી રે,
ટાંકીને મારગે મૂકતા કીધા રે,
સત્ગુરુએ મંત્ર અવિચલ દીધા રે. સત્ગુરુ૦
જે કોઇ સંતને આસન આપે રે,
તેને વ્હાલો પોતાનો કરીને સ્થાપે રે,
જે કોઇ સંતને ધાઇને ભેટે રે,
તેને વ્હાલો જન્મ મરણ દુઃખ મીટે રે. સત્ગુરુ૦

જે કોઇ સંતને ચરણે નમશે રે,
તે તો મારા ગુરુગોવિંદને ગમશે રે,
આત્મજ્ઞાન વિના ઘર સૂનું રે,
સગપણ શોધી કાઢો કોઇ જૂનું રે. સત્ગુરુ૦
જીવ તું તો જોતો નથી કાંઇ જાગી રે,
મૂઆ પછી મુક્તિ શાની માંગે રે,
એ વિષે દાસ હરિની વાણી રે,
તે તમો હૃદયામાં રાખો ને આણી રે. સત્ગુરુ૦

પ્રવચન બાદ આરામ... હરિઃ ૐ (ક્રમશઃ)

વિચાર અને વર્તનમાં માણસે સાફ થવું જોઇએ. પવિત્ર રહેવું ને પ્રામાણિક બનવું જોઇએ. આત્મિક વિકાસમાં આ વાત ખૂબ મહત્ત્વની છે. તે અભણ કે સાધારણ માણસોએ જ નહિ, પણ વિદ્વાનોએ પણ તેનું મનન ને પાલન કરવાનું છે. યોગેશ્વરજી


**ઈલેક્ટ્રીક મોટર, સબમર્સીબલ, ઓઇલ એન્જીન મશીન તથા ખેતીવાડીને લગતા ઓજારો તથા તેના સ્પેરપાર્ટસના છૂટક તથા જથ્થાબંધ વેપારી**

**સૌજન્ય : પૂજા એક્સપોર્ટસ**

*** જયંતીલાલ મોહનલાલ દઢાણીયા ***

**ખેતીવાડી એન્ડ ડીઝલ સ્પેર્સ,**

એસ. ટી. સ્ટેન્ડ પાસે, ચીખલી.

જિલ્લો : વલસાડ, પીનકોડ : ૩૯૬૫૨૧ (ગુજરાત)

ફોન નં. : ૨૩૫૯, ૨૪૫૯, ૨૫૫૯

ફેક્સ : (૯૧) ૦૨૬૩૫૩–૨૪૫૯/૨૦૬૭




બ્રધર લોરેન્સ

# ઈશ્વર સાન્નિધ્યની સાધના

યશસ્વીભાઈ ય. મહેતા

## પત્ર પરિસંવાદ–૨ (ચાલુ)

નિયત પ્રાર્થના અને પૂજાવિધિઓની બધી પદ્ધતિઓનો મેં સર્વથા ત્યાગ કરી દીધો છે. સિવાય કે જે મારી વર્તમાન અવસ્થા માટે અનિવાર્ય હોય. ઈશ્વરના સતત સાન્નિધ્યના અનુભવને લઈને જે પરમ આનંદનો આવિષ્કાર થાય છે તે એટલો મોટો હોય છે કે મારે તેનું બાહ્ય પ્રદર્શન અટકાવી દેવા માટે ખાસ યુક્તિઓ પ્રયોજવી પડે છે.

ટૂંકામાં, આ ત્રીશ કરતાં વધુ વર્ષના સમયગાળા દરમ્યાન, મારો આત્મા ઈશ્વર સન્મુખ તેના અખંડ સાન્નિધ્યમાં રહ્યો છે, તેની પૂર્ણ પ્રતીતિએ બધી શંકાઓ અને સંશયો પર પૂર્ણવિરામ મૂકી દીધું છે. તમને કંટાળો ન આવે તે માટે મેં અનેક બીજી વાતોને કોરે રાખી દીધી છે. તેમ છતાં મારા હૃદયના રાજા–સમ્રાટ મારા પ્રભુને જ્યારે હું નિહાળું છું ત્યારે હું કઇ રીતે, મારી જાતને કેવી ગણું છું તે વિષે થોડો ઉલ્લેખ કરવાનું ઉચિત ગણું છું.

જાતજાતના ઘાટ અને ભાતભાતની મલિનતાઓથી ભરેલા બધા દુષ્ટ માણસો કરતાં ય હું મને વધુ મોટો દુર્જન ગણું છું; મેં મારા પોતાના હૃદયના સમ્રાટ પ્રભુના અસંખ્ય અપરાધો કર્યાં છે. તેને અપાર દુઃખ પહોંચાડયું છે. હું આ બધાનો સહૃદયતાપૂર્વક સ્વીકાર કરું છું. મારી બધી દુષ્ટતાઓ હું તેની સમક્ષ કબૂલું છું.

અને મારી જાતને તેના હાથોમાં મૂકી દઉં છું. પ્રાર્થના કરું છું કે હે પ્રભુ હું જે સજાને લાયક હોઉં તે તમારી ઇચ્છાનુસાર મને કરો. મારા રાજા કૃપા અને કરુણાના સાગર છે. પ્રેમપૂર્વક મને પોતાના આલિંગનમાં જકડી દે છે, તેના જ ભોજનના ટેબલ–મેજ પર મને સાથે જમવા બેસાડે છે, પોતાના જ હાથે મને ભાવતાં ભોજન જમાડે છે, તેના આનંદના ખજાનાઓની ચાવી મને સોંપી દે છે. મારી સાથે હજાર–હજાર પ્રકારે સતત આનંદ-પ્રમોદ કરે છે અને મને તેના પરમ પ્રેમપાત્ર તરીકે અનેક રીતે મારી આગતાસ્વાગતા કરે છે, સારસંભાળ લે છે, આમ હરક્ષણે તેના સામીપ્ય ને સાન્નિધ્યમાં મારું જીવન, દિવસ અને રાત ક્યાં ચાલ્યાં જાય છે તેનો ખ્યાલ સુદ્ધાં મને રહેતો નથી. મારી સૌથી વધુ મનપસંદ પદ્ધતિ આ સરલ સાવધાની છે. અને ઈશ્વર પ્રત્યે તીવ્ર અનુરાગનો સર્વગ્રાહીભાવ છે. તેની પ્રત્યે મારો અનુરાગ પ્રત્યેક ઘડીએ વધ્યા કરે છે, તેમ તેમાં વધુ ને વધુ મધુરતાનો ઉમેરો થતો રહે છે. સંતાન માતાનું સ્તનપાન કરતી વખતે જે આહ્લાદનો અનુભવ કરે છે તે કરતાં ય મારો આનંદ કયીઘણો અધિક હોય છે. આ અવસ્થાને શબ્દોમાં વ્યક્ત કરવી હોય તો હું તેને ઈશ્વરનો હૃદયપ્રદેશ કહીશ. કારણ, જે અનિર્વચનીય મધુરતા હું મ્હાણું છું, જેનો હું સ્વાદ કરું છું અને અનુભવું છું તેને માટે બીજા શબ્દો મને મળતા નથી.

કેટલીકવાર મારા વિચારો સ્વાભાવિક રીતે અથવા મારી અસાવધ નબળાઇ દરમ્યાન બીજે ભટકવા લાગે ત્યારે મારા આંતરિક આંદોલનો સ્વયંભૂ ઊઠવા માંડે છે—તે એટલાં મનોહર, સુરમ્ય અને સ્વાદુ હોય છે કે તેમનો ઉલ્લેખ કરતાં મને સંકોચ



થાય છે. પૂજ્ય માતા કૃપા કરીને આપ મારી ઉપર ઈશ્વર જે મહાન અનુગ્રહોનો વરસાદ, હું અકૃતજ્ઞ હોવા છતાં, વરસાવે છે તેની ઉપર ધ્યાન આપવાને બદલે મારી ઘોર દુષ્ટતાનો ખ્યાલ કરો તેવું હું ઇચ્છું છું.

મારી પ્રાર્થનાના નિયત કલાકો વિષે મારે એટલું જ કહેવાનું છે કે મારી સાધનાના, ઉપાસનાના, અભ્યાસના તે સતત ચાલુ રહેતા વિસ્તરણ સમાન છે. કેટલીક વાર હું મારી જાતને ઈશ્વર સમક્ષ, એક દેવમૂર્તિ બનાવવા માગતા નિષ્ણાત શિલ્પીની સામે પત્થર મૂક્યો હોય, તેમ ઉપસ્થિત કરું છું અને મારા આત્મામાં તે પોતાની પૂર્ણ પ્રતિમાને કંડારે અને મને પૂરેપૂરો તેના સમાન બનાવે તેમ હું ઇચ્છું છું.

કેટલીક વાર, જ્યારે હું પ્રાર્થના કરવા પ્રેરાઉં છું ત્યારે અનુભવું છું કે મારું સમગ્ર મન અને આત્મા, મારા પોતાના સહેજ પણ પ્રયાસ કે કોઇ ખ્યાલ વિના પોતાની મેળે, પોતાના કેન્દ્ર અને પૂર્ણવિરામના સ્થાન ઈશ્વરના સ્વરૂપમાં સુદૃઢ રીતે, આમ અદ્ધર હોય તેવી સ્થિતિમાં ય ચોંટી રહે છે.

કેટલાક લોકો આ સ્થિતિ, અવસ્થાને નિષ્ક્રિયતા કે જડતા–ભ્રાંતિ કે સ્વકેન્દ્રિત પ્રેમ તરીકે ખપાવે છે, તે હું જાણું છું. હું સ્વીકારું છું કે તે એક પવિત્ર નિષ્ક્રિય અવસ્થા છે, અને જો આત્મા એવી અવસ્થામાં સક્રિય બની શકે તો તે એક સુખદ, આનંદપ્રદ સ્વકેન્દ્રિત પ્રેમ છે; કારણ હકીકતમાં, આત્મા જ્યારે આ પૂર્ણતામાં વિરામ કરતો હોય ત્યારે તેમાં આવા કાર્યો ભાગ્યે જ ખલેલ પહોંચાડી શકે, જે અગાઉ તેના અવલંબનરૂપ હતાં પરંતુ આ સ્થિતિમાં તેને મદદરૂપ થવાને બદલે અંતરાયરૂપ, વિઘ્નરૂપ જ બને.

આમ છતાં, હું આ અવસ્થાને ભ્રાંતિ છે તેવી માન્યતા સાથે સહમત થતો નથી. કારણ આ સ્થિતિમાં આત્મા પોતાના સ્વામી ઈશ્વરની સાથે ક્રીડાનો આનંદ મ્હાણે છે તે સિવાય બીજું કશું જ ઇચ્છતો નથી. છતાં જો એ મારી ભ્રાંતિ જ હોય તો તેને દૂર કરવા મારા પ્રભુ સર્વ સમર્થ છે; તેને ગમે તે ભલે મને કરે; હું તો કેવળ તેને જ ઇચ્છું છું, અને સદા તેના ચરણોમાં રહેવા માગું છું. આમ છતાં, પૂજ્ય મા, મને તમારો મત મોકલી ઉપકૃત કરશો. આપ જાણો છો કે હું તેને કેટલો સન્માનું છું અને પૂજ્ય ગણું છું. આપણા પ્રભુના સ્વરૂપમાં હું છું તમારો લૉરેન્સ.

પોતાનું અને બીજાનું મંગલ કરનારની કદી દુર્ગતિ થતી નથી. યોગેશ્વરજી

**રાંજણ, સાંટિકા, સાઇટીકા**

હાથે, પગે, વેદનાયુક્ત ફાટ ચાલવી તથા કમ્મરના દુઃખાવા માટેની દવા માટે મળો યા લખો. એક વખત દવા ખાધા પછી, આ રોગ જીવનમાં ફરી થતો નથી.

કોર્ષઃ–૧૦–૧૨ વીક. નોંધ : ફક્ત દવાનો જ ખર્ચ લેવામાં આવે છે.

**દુર્લભભાઈ પરસોત્તમભાઈ ભક્ત (સ્યાદલા)**

**બચુભાઈ ગોરધનભાઈ ભક્ત (કપૂરા)**

મુ. પો. સ્યાદલા, વાયા : મઢી, જિ. સુરત–૩૯૪૩૪૦



# સ્વાધ્યાય

યોગાચાર્ય શાન્તિકુમાર જ. ભટ્ટ

યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ યોગના આઠ અંગ છે. આમાં નિયમ નામનું બીજું અંગ છે. નિયમ એટલે અત્યંત આવશ્યક એવી ક્રિયા, આવા નિયમના પણ પાંચ વિભાગ છે. શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વર પ્રણિધાન.

આ સ્વાધ્યાય એટલે શું? સામાન્ય રીતે એની વ્યાખ્યા આપતાં જણાવ્યું છે કે–

સ્વાધ્યાય=આવૃત્તિપૂર્વકં વેદાધ્યયનમ્ અર્થાત્ ફરી ફરી વેદ-પાઠ કરી વેદોનું અધ્યયન કરવું તે સ્વાધ્યાય છે. માત્ર વેદોનો ફરી ફરી પાઠ કરવો એ યોગની સાધના બની ન શકે.

સ્વાધ્યાયની બીજી વ્યાખ્યા આપતાં જણાવ્યું છે કે–

સ્વાધ્યાયઃ મોક્ષશાસ્ત્ર અધ્યયનમ્ અર્થાત્ સ્વાધ્યાય એટલે મોક્ષશાસ્ત્રનું અધ્યયન. ઉપનિષદો, પુરાણો, મહાકાવ્યો તથા સ્મૃતિઓ એ સર્વ અંતે તો મોક્ષનાં જ સાધન ગણાય છે, પરંતુ યોગનું અંતિમ ધ્યેય મોક્ષ નહીં પણ સમાધિ છે.

સ્વાધ્યાયનો સાચો અર્થ સમજવો હોય તો આપણે સ્વાધ્યાય-નું શું પરિણામ આવે તે બરાબર સમજી લેવું જોઇએ. પતંજલિ મુનિએ કહ્યું છે કે સ્વાધ્યાય કરવાથી ઇષ્ટદેવતા સંપ્રયોગ થાય છે, અર્થાત્ સ્વાધ્યાયથી મન ઇષ્ટદેવતા સાથે એકાકાર બની જાય છે; અર્થાત્ સ્વાધ્યાયનું ધ્યેય ઇષ્ટદેવતા સાથે એકાકાર બનવાનું છે.

પરંતુ ઈષ્ટદેવતા એટલે કયા દેવતા? પરમાત્માનું જે સ્વરૂપ પોતાને પ્રિય હોય તે પોતાના ઈષ્ટદેવ કહેવાય. આવા દેવના દરેક સ્વરૂપ અલગ અલગ ગુણોનાં પ્રતીક છે. દા. ત. હનુમાનજી બળ-ના પ્રતીક છે. શ્રીગણેશ ઉત્સાહના પ્રતીક છે. શારદા દેવી વિદ્યાની ઉપાસનાનાં પ્રતીક છે. લક્ષ્મીજી ધનની ઉપાસનાનાં પ્રતીક છે. શિવજી અનિષ્ટના સંહારના પ્રતીક છે. વિષ્ણુ પાલનના પ્રતીક છે.

અર્થાત્ આમાંથી આપણે જીવનમાં જે ગુણ વિકસાવવા માંગીએ તેના પ્રતીક પાછળ રહેલા દેવ આપણા ઈષ્ટદેવ ગણાય. એમની દરરોજ પૂજા કરવી. એમના વિષે ધર્મગ્રંથનો અભ્યાસ કરવો, એમનાં સ્તોત્રોનો પાઠ કરવો; એમનાં ભજનો ગાવાં, એમના મંત્રજપ કરવા, એ સર્વ સ્વાધ્યાયના ભાગો છે. આમ કરવાથી એ ઈષ્ટદેવ સાથે મનોવૃત્તિ એકાકાર થાય છે, એ ગુણ-સાથે મનોવૃત્તિ એકાકાર થાય છે. આવી સાધના તે સ્વાધ્યાય કહેવાય. આવી સાધના એક પ્રકારનું તપ જ છે, અને તેથી ભગ-વાન શ્રીકૃષ્ણે કહ્યું છે કે **तपः साध्यायमुच्यते।** અર્થાત્ ઈષ્ટદેવતા સાથે એકાકાર થવા માટે જે સાધના કરવામાં આવે તે જ સાચું તપ છે, અને તે જ સ્વાધ્યાય છે.

આવું તપ તથા સ્વાધ્યાય સાથે પરમાત્માને શરણે જવામાં આવે તે સાધના ક્રિયાયોગ કહેવાય છે. (**तपः स्वाध्यायः ईश्वर-प्रणिधानानि क्रियायोगः**)

પરંતુ યોગની સાધના અસ્તિકો ઉપરાંત પરમાત્મામાં કે દેવદેવીમાં ન માનનારાઓ પણ કરે છે. એમને માટે સ્વાધ્યાયનો અલગ અર્થ હોઈ શકે. આ અર્થ છે એમના જીવનનું ધ્યેય. યોગ કરનાર પ્રત્યેક વ્યક્તિને પોતાના જીવનનું ચોક્કસ ધ્યેય હોવું જોઈએ. તથા આ ધ્યેય પાર પાડવા માટે પ્રેરણારૂપ થઈ શકે તેવું



જીવનસૂત્ર પણ હોવું જોઈએ. આવું ધ્યેય પાર પાડવા માટે વ્યક્તિ જે સાધના કરે તે તેને માટે સ્વાધ્યાય છે.

એક ડૉક્ટર વૃદ્ધ થયા ત્યારે તેમની પત્ની મૃત્યુ પામી. આથી એમણે પોતાનો ચિકિત્સાનો વ્યવસાય છોડી દીધો પણ પછી સમય કેમ પસાર કરવો તે તેમને માટે પ્રશ્ન થઈ પડયો. તેઓએ ડૉક્ટર બનવા માટે અભ્યાસ શરૂ કર્યો તે અગાઉ એમને ચિત્ર-કળાનો સામાન્ય શોખ હતો. આથી એમણે ચિત્રકાર બનવાનો વિચાર કર્યો અને તેઓ ચિત્રકળાનાં સાધનો તથા જાણીતા ચિત્ર-કારોનાં ચિત્રોનાં આલ્બમો લઈ આવ્યા.

શરૂઆતમાં તો તેઓ જોઈજોઈને ચિત્રો કાઢતા, કંટાળ્યા વગર આ પ્રવૃત્તિ ચાલુ રાખી ત્યારે તેઓ ચિત્ર જેવું જ આબેહૂબ ચિત્ર ચીતરી શકવા લાગ્યા.

પછી સરસ દૃશ્યોના રંગીન ફોટોગ્રાફ પાડી એના આધારે ચિત્રો ચીતરવા લાગ્યા. અને એમાં પ્રભુત્વ પ્રાપ્ત કરી લીધું. પછી તો ભારતના તથા વિદેશોના વિવિધ સ્થળો પર જઈ ત્યાનાં ચિત્રો ચીતરવા લાગ્યા. એમનાં ચિત્રો વિવિધ સામયિકોમાં છપાવા લાગ્યાં અને દેશવિદેશોમાં એમનાં ચિત્રોનાં પ્રદર્શનો ભરાયાં અને એમના ચિત્રોની ભારે પ્રશંસા થઈ. આમ અમુક ધ્યેયની સિદ્ધિ માટે જે સાધના કરવામાં આવે તે પણ સ્વાધ્યાયનું જ એક સ્વરૂપ છે.

'સ્વાધ્યાય' શબ્દ સ્વ+અધિ+આય એમ ત્રણ શબ્દનો બનેલો છે એનો વ્યુત્પત્તિ પ્રમાણે અર્થ કરીએ તો આત્મા તરફ અન્તર્વૃત્તિ કરીને વિશેષ પ્રમાણે જવાની સાધના તે સ્વાધ્યાય કહેવાય. આવી સાધના કરવાની એક પદ્ધતિ આ પ્રમાણે છેઃ—

સ્થિરતાથી બેસવાની દરરોજ ટેવ પાડો. આમ કરવાથી

અમુક દિવસ પછી સ્થિરતાથી બેઠા પછી મન જ્યારે જાગૃત અવસ્થા અને નિદ્રાવસ્થા વચ્ચેની તંદ્રાવસ્થામાં આવે ત્યારે જાગૃત મન તથા અંતર્મન બંને અર્ધજાગૃત અવસ્થામાં હોય. (આવી નિર્વિષય સ્થિતિ ધ્યાન કહેવાય છે.) આ અવસ્થામાં તમે એવો સંકલ્પ કરો કે હું આત્મા છું. હું શાંત છું, પ્રસન્ન છું, મને કોઇ ક્લેશકર્મ સ્પર્શી શકતા નથી. હું ચિદાનંદમય છું, સર્વશક્તિમાન, સર્વજ્ઞ તથા સર્વવ્યાપી પરમાત્માનો અંશ છું.

આમ કરવાથી દૃઢ સંકલ્પબળ પ્રગટવાથી મહાન સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકાય છે.

કેન્સર થયું છે તેની ખબર પડે કે તરત જ આ સાધના શરૂ કરી દેવી જોઇએ. શરીરની અંદરની બધી જ ક્રિયાઓ પર અંતર્મનનો સંપૂર્ણ કાબૂ હોય છે. એનામાં શરીરને ફરી સાજુ કરવાની સંપૂર્ણ શક્તિ રહેલી છે. આવી કેન્સરપીડિત વ્યક્ત દરરોજ સવાર, બપોર, સાંજ એક એક કલાક સ્થિર બેસી કેન્સરવાળા ભાગપર મન કેન્દ્રિત કરી એવો સંકલ્પ કરે કે મારું દર્દ હવે ધીમે ધીમે મટી રહ્યું છે. શરીરના તૂટેલા તથા તૂટતા કોષો મારામાં રહેલી પરમાત્માની શક્તિથી જોડાઇ રહ્યા છે અને એ ભાગ સાજો થતો જાય છે તો આવો દર્દી સાજો થવાની પૂરેપૂરી શક્યતા છે. (અલબત્ત આ સાથે ડોક્ટરની ચિકિત્સા ચાલુ રાખી શકાય.)

આમ સ્વાધ્યાય આપણને રોગનિવારણમાં પણ સહાયભૂત થઇ શકે.

આપણે જે વ્યવસાય કરતા હોઇએ કે વ્યવસાય વિશે આપણને પૂરેપૂરું અદ્યતન જ્ઞાન હોવું જોઇએ. આને માટે આપણે એ વ્યવસાયના અદ્યતન સામયિકો તથા પુસ્તકો મંગાવ્યાં જ કરવાં જોઇએ, અને દરરોજ એક કલાક, અમુક ચોક્કસ સમયે



ગંભીરતાથી એ સર્વ વાંચી, એમાં લીટીઓ કરી તે ફરી ફરી વાંચવા જોઇએ. એની સરસ મજાની સારરૂપ નોટ બનાવી એનો પણ નિત્ય અભ્યાસ કરવો જોઇએ. આમ કરવાથી સાધક પોતાના વ્યવસાયમાં પણ આગળ વધી શકે. આવી રીતે દરરોજ મોટેથી કોઇ ધર્મગ્રંથ વાંચવાથી સ્વાધ્યાય ઉપરાંત પ્રાણાયામ પણ આપમેળે થાય છે અને પ્રાણાયામનો લાભ પણ આપણને મળે છે.

'સ્વાધ્યાય'ને નામે આથવલે દાદાની પ્રવૃત્તિ ચાલે છે એ પણ એક પ્રકારનો સ્વાધ્યાય જ છે. ઉપનિષદો આપણને આજ્ઞા કરે છે કે **स्वाध्यायन् न प्रमादितव्यम्।** અર્થાત્ સ્વાધ્યાય બાબતમાં પ્રમાદ કરવો નહીં.

આમ સ્વાધ્યાયને સંપૂર્ણ રીતે સમજી સ્વાધ્યાય કરવાથી વ્યક્તિત્વનો પણ દિવ્ય વિકાસ થાય છે. સ્વાધ્યાય કરનાર વ્યક્તિને ક્યારેય કોઇ માનસિક રોગ સતાવતા નથી.

એટલે દરરોજ ઓછામાં ઓછો એક કલાક તો સ્વાધ્યાય કરવાની ટેવ પાડવી જ જોઇએ.

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭
ફોન : ૬૬૮૨૩૧

એક જીવંત આધ્યાત્મિક

# શ્રી સંત–શ્રી ઈંદિરાદેવી

સંકલન : ઝિઝુવાડિયા કનૈયાલાલ
મૂળ લેખક : દિલીપકુમાર રાય

(ગતાંકથી ચાલુ)

ઈંદિરાનું સ્વપ્ન. દિલીપકુમાર રસ્તો ચીંધતા હતા. એ રાતે ઈંદિરાને વિચિત્ર સ્વપ્નું આવ્યું. વાંકીચૂંકી પગદંડી પર એ પહાડ પર ચડતી હતી. રસ્તો વધુ ને વધુ સાંકડો થતો જતો હતો. જંગલ વધારે ગાઢ થઇ રહ્યું હતું અને અંધારું વધી રહ્યું હતું. એનો શ્વાસ પણ ભારે થઇ ગયો હતો. એણે બીજો વળાંક લીધો ત્યાં તો એના હૃદયમાં ફાળ પડી. અહીંથી સેંકડો પગદંડીઓ જુદી જુદી દિશાએ જતી હતી. કેટલીક અંધારી હતી, કેટલીક અડધી દેખાતી હતી અને કેટલીક તો એટલી સાંકડી હતી કે દેખાતીય નહોતી. ઈંદિરા મૂંઝાઇને ઊભી રહી, કઇ તરફ જવું એની સમજ પડી નહિ. અચાનક તેણે એક અવાજ સાંભળ્યો. 'હું તને અંધારામાંથી અજવાળામાં લઇ જઇશ.' અવાજ સાંભળી તેણે ઊંચે જોયું તો પહાડના શિખર પરથી દિલીપકુમાર રાય સ્મિત કરતા ઊભા હતા! તેઓ ઈંદિરાને રસ્તો ચીંધતા હતા. તેમના મુખારવિંદ પર દિવ્ય-પ્રકાશ હતો, અને તેમના હૃદયમાંથી નીકળતો પ્રકાશ ઈંદિરાના માર્ગને અજવાળતો હતો!

ઈંદિરાએ બૂમ પાડી. 'હું હાંફી ગઇ છું. મારાથી ચલાતું નથી! કૃપા કરીને મને મદદ કરો!'



એની આ પ્રાર્થનાનો જવાબ મળે તે પહેલાં એ જાગી ગઇ.

ઈંદિરા હવે સમજી ગઇ કે શ્રી દિલીપકુમાર રાયે એને અંધારામાંથી અજવાળામાં લઇ જવાની બાંહેધરી આપી હતી, પણ એણે એમની મદદ તો માગવી જોઇએને? સ્વપ્નમાં અરજ કરવી સહેલી છે, પણ સાચોસાચ જીવનમાં એ પ્રમાણે કરવું સહેલું નથી!

ઈંદિરાનું વતન પશ્ચિમ પંજાબ. હિંદુઓ અને મુસલમાનો ત્યાં ખૂબ આત્મીયભાવથી જોડે જોડે રહેતા હતા. ઈંદિરાના બધા મિત્રો મુસલમાન હતા, અને ઈંદિરાને એ સૌ પર ખૂબ સ્નેહ હતો. પરંતુ રાજદ્વારી પુરુષોએ એમનું ભાવિ પોતાની મૂઠીમાં લીધું કે અંધાધૂંધી શરૂ થઇ ગઇ. પંજાબનાં લોકો ઉપર મુસલમાન સંસ્કૃતિની ઘણી અસર છે. પંજાબમાં ઘણા સંતો અને ભક્તો થઇ ગયા. શીખોના દશ ગુરુઓ પણ પંજાબમાં થઇ ગયા. ઈંદિરાના ઘરનાં શિખ ધર્મ પાળતા હતા.

ગુરુ શું, ગુરુવાદ શું, અને આશ્રય શું તેની ઈંદિરાને કંઇ જ ખબર નહોતી. તેથી તેનું મન દિલીપકુમારજી તરફ વળ્યું, તે તેનો ઉછેર, તેનું વાતાવરણ અને તેનો પોતાનો સ્વભાવ જોતાં એ અશક્ય હતું. તે હંમેશાં એવું જ માનતી આવી હતી કે હું પોતે જ મારો રસ્તો શોધી લઇશ, બીજું કોઇ વળી મને શું માર્ગ દેખાડવાનું હતું! મારો અંતરાત્મા કહે તે જ હું કરવાની. કોઇના કહેવાથી કશું નહિ કરવાની! મારો જીવનરાહ હું જ નક્કી કરીશ. મારું જીવન હું જ ઘડીશ! આધ્યાત્મિક બાબતોનું એને કંઇ જ્ઞાન નહોતું. એમાં એને જરા પણ રસ નહોતો. અત્યારે અચાનક પ્રકાશ માટે એના દિલમાં અદમ્ય ઝંખના જાગી હતી તેનું એક

કારણ એ હતું કે પોતાને શું થઇ રહ્યું છે તે એને જાણવું હતું, અને બીજું કારણ એ હતું કે આ ઘાટીમાંથી તેને બહાર નીકળવું હતું. એના સ્વભાવના બે મોટામાં મોટા ગુણ હતા—સંતોષ અને કૃતજ્ઞતા. આ ગુણોને લીધે તેનું જીવન ભર્યું ભર્યું રહેતું હતું. આ બાબતમાં તે કેવી નસીબદાર હતી તે થોડા વરસ પછી તેને થયેલી એક ઝાંખી પરથી જણાય છે.

### ઇંદિરાને સ્વપ્નમાં એક વિલક્ષણ અનુભૂતિ

ઇંદિરા એક મોટા આરસના સભામંડપમાં ઊભી હતી. આખો મંડપ આસમાની પ્રકાશથી ઝળાંઝળાં થતો હતો. સભામંડપમાં સામા છેડા પર એક સોનાનું સિંહાસન હતું અને એના પર કોઇ બેઠેલું હતું પણ કોણ બેઠેલ હતું તે તેનાથી દેખાતું નહોતું. ઇંદિરાની બાજુ પ્રવેશદ્વારની પાસે, કિંમતી વસ્ત્રાભૂષણોમાં સજ્જ કેટલાંક દેદીપ્યમાન સ્ત્રીપુરુષો ઊભાં હતાં.

એક પછી એક સ્ત્રીપુરુષોએ સિંહાસન તરફ જવા માંડયું. ત્યાં તેમને પ્રશ્ન પૂછવામાં આવ્યો કે તમે કોણ છો, અને પૃથ્વી પર તમારું મૂલ્ય શું છે? બધાંએ પોતપોતાના નામ કહ્યાં. પ્રેમ, રૂપ, દયા, કરુણા, ધન, પ્રમાણિકતા, બળ, ધૈર્ય, શૌર્ય, વગેરે તેમણે સૌએ ખૂબ ખૂબ સુખ અને સંતોષ વ્યક્ત કર્યા અને જાહેર કર્યું કે પૃથ્વી પર માણસો એમને મૂલ્યવાન ગણી ખૂબ માન આપે છે, અને અમારા વગર તેમને ચાલે એમ જ નથી! બધાંને ફરી પાછા પૃથ્વી પર મોકલી આપવામાં આવ્યાં. એ બધાંના ગયા પછી ઇંદિરાએ જોયું તો એક ચહેરે મહોરે સોહામણી દેવી એક ખૂણે એકલી દીવાલને અઢેલીને ઊભી હતી, તેના શરીર પર માત્ર સાદાં વસ્ત્ર હતાં. તે ઉદાસ દેખાતી હતી, અને સૌની નજર ચૂકવીને ચાલી જવાનો વિચાર કરતી હશે એવું લાગતું હતું. એટલામાં



એને રાજા સમક્ષ હાજર થવાનો હુકમ થયો. બીતી બીતી ધીમા પગલાં ભરતી તે સિંહાસન સામે જઇ ઊભી. 'કોણ છે તું, બેટી! શું તારું નામ? પૃથ્વી પર તારો કેવો સત્કાર થાય છે?' મહાદેવે પૂછ્યું.

દેવીના ગળામાંથી પૂરો અવાજ પણ નીકળી શક્યો નહિ. તે બીતી બીતી બોલી. 'ભગવાન, પૃથ્વી પર ભાગ્યે જ કોઇ મને યાદ કરે છે. મારી એમને ઓછામાં ઓછી જરૂર છે.'

'હેં! શું નામ તારું?' મહાદેવે પૂછ્યું.

'મારું નામ કૃતજ્ઞતા!'

બીજે દિવસે સવારે ઇંદિરાએ આશ્રમનાં માતાજીને પોતાને સ્વપ્નમાં થયેલી આ ઝાંખીની વાત કરી, તો માતાજીએ સંમતિ-સૂચક માથું હલાવી કહ્યું, 'બધું સાચું છે, મને પણ એવી અનુ-ભૂતિ થઇ છે!'

### યોગના ત્રણ પ્રયોગો

જાન્યુઆરીમાં શ્રી દિલીપકુમારજી ઇંદિરાના પતિના નિમં-ત્રણથી પધાર્યા અને ત્રણ દિવસ એમની સાથે રહ્યા. ઇંદિરા એમની દિનચર્યા ઝીણવટથી અને તટસ્થભાવે નિહાળી રહી. ગાવું, પ્રવચન કરવું, દીનદુઃખી નિરાધારને મળવું. આવું બધું એમનું કામ આખો દિવસ ચાલ્યા કરતું હતું.

ઇંદિરા એમને નિહાળી રહી હતી, પણ ખરું તો એ એને પોતાને જ વધારે બારીકાઇથી તપાસી રહી હતી. એને બીક હતી કે આમાં ક્યાંક પોતે તો પોતાની જાતને છેતરતી નથી ને! પરંતુ પ્રકાશ માટેની એની તરસ ઉપરાંત આમાં બીજું કારણ એ હતું કે પોતાનું મન શ્રી દિલીપકુમાર તરફ ખેંચાઇ રહ્યું હતું.

દાદા (બંગાળમાં દાદા એટલે મોટાભાઈ. અહીંયા દાદાનો ઉલ્લેખ શ્રી દિલીપકુમાર રાય માટે થયો છે. દાદાનો શબ્દપ્રયોગ વારંવાર આવશે ત્યારે તે શ્રી દિલીપકુમાર માટે થયો છે તેમ જાણવું) મહાપુરુષ હતા. મહાન ગાયક, પ્રખર બુદ્ધિશાળી, અદ્‌ભુત વિનોદવૃત્તિવાળા વાર્તાપટુ! તેઓ જાણે આનંદનો ઓઘ હતા. આખું ઘર તેમના બાળકના જેવા હાસ્યથી ગાજી ઊઠતું હતું! આવા તો અનેક ગુણો એમનામાં હતા, પરંતુ ઇંદિરા તો હજી અંધારામાં ગોથાં ખાતી હતી. એનું આખું અસ્તિત્વ કશાકને માટે ઝૂરતું હતું, પણ એ શું છે તેની એના મનને કાંઈ ખબર પડતી નહોતી. તેથી તેણે નક્કી કર્યું કે હવે મનને પડતું મૂકવું અને હૃદયદ્વારા (આત્મખોજ) તલાશ કરવી. અભિમાન છોડી દઈને દાદાને વિનંતી કરવી કે મને રસ્તો દેખાડો! પરંતુ દાદાએ તો એને શ્રી અરવિંદ, માતાજી અને પૉંડિચરી આશ્રમની વાત કરી. એ સાંભળીને હબકી ગઈ!

તેણે પૂછ્યું. 'ત્યાં આશ્રમમાં લોકો હસે ખરા, દાદા! કે પછી ગંભીર ડાચાં કરીને ફરે?'

જવાબમાં દાદાએ કહ્યું, 'શ્રી અરવિંદે મને એક વાર ખાતરી આપી છે કે સ્વર્ગના રાજ્યમાં લગ્નને સ્થાન નથી, પણ ત્યાં હાસ્યને સ્થાન છે જ!

ત્રણ દિવસ પછી દાદા કલકત્તા ચાલ્યા ગયા.

ભારતના ભાગલા પછી ઇંદિરાના પતિનાં બધાં સગાં–સંબંધીઓ એમની સાથે રહેવા આવ્યાં હતાં, ઘરમાં ત્રીસ માણસો હતાં. તેથી ઘર ભરેલું હતું. કોલાહલનો પાર નહોતો, છતાં ઇંદિરાને હવે ઘર ખાલી ને નીરવ લાગ્યું.

તે વખતે ઇંદિરાના પિતા મઉ રહેતા હતા. તેથી ઇંદિરા તેમને મળવા મઉ ગઈ. જે દિવસે એ ત્યાં પહોંચી તે જ દિવસે તેણે



યોગનો એક અદ્‌ભુત પ્રયોગ જોયો.

ભગવાં કપડાંવાળો એક સાધુ છોકરો એક છોકરીની સાથે દરવાજા આગળ ઊભો હતો. બંને દશેક વરસની ઉંમરના અને જોડિયા ભાઈ–બહેન હશે એમ લાગતું હતું. દરવાને સાધુને આવવાનું કારણ પૂછ્યું, ત્યારે તેણે કહ્યું કે હું કેટલાક યોગના પ્રયોગો કરી બતાવવા માગું છું. એ સાંભળી ઇંદિરાએ એને અંદર બોલાવ્યો. એટલામાં ઇંદિરાના પિતા કચેરીથી આવી ગયા. તેમણે સાધુને પૂછ્યું કે પ્રયોગમાં શું બતાવવાના છો?

સાધુએ કહ્યું, 'ત્રણ ચીજ, હું અહીં જમીનમાં ચોવીસ કલાક દટાઈને રહીશ. તમે ખોદેલ ખાડા ઉપર માટી પાથરી દેજો. એના પર સિમેન્ટનો છો કરી લેજો અને એની ઉપરથી તમારી મોટર લઈ જજો. બીજો પ્રયોગ દોરડાનો છે અને ત્રીજા પ્રયોગમાં હું આ છોકરીને હવામાં અદ્ધર તરતી રાખીશ!' આ ત્રણ પ્રયોગ માટે તેને સો રૂપિયા આપવા ઠરાવ્યું. સાધુ ખુશ થઈ ગયો.

(ક્રમશઃ)

(અનંતના યાત્રીઓના આધારે)

**અંબાજીમાં ક્યાં ઉતરશો?**

"સ્વર્ગારોહણ"

**માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ**

"સ્વર્ગારોહણ", દાંતા રોડ, અંબાજી. (ઉ. ગુ.) ૩૮૫ ૧૧૦

એસ. ટી. ડી. ૨૭૪૯/ ટે. નં. ૬૨૨૬૯

## * પ્રભુનો પ્રસાદ *

મનવા! જીવન પ્રભુનો પ્રસાદ.
રાગદ્વેષના કારાવાસ
થાતો જીવને ત્રાસ. મનવા!

ભવભવના કૈં સંચિત પુણ્યે,
પાયો માનુષ–અવતાર;
યોગ વિરલ આ પ્રભુ–ભજનનો
લ્હાવો ન વારંવાર;
લોહનું પંજર તોડી પ્રાણે
ઊડ તું મુક્તિ–આકાશ. મનવા!

કારાવાસ ન ખાટકીવાડો
ભવ, ઘટ ન નરક–નિવાસ,
સૌ સોપાન–કરણ પ્રભુતામય
આપણ પ્રભુના દાસ;
એવી લગન લગે શિવ કાજે
તુંહિ તુંહિ એક જ નાદ. મનવા!

મોહ–માયાના કારાવાસે
જીવને થાતો ત્રાસ
મનવા! જીવન પ્રભુનો પ્રસાદ. મનવા!

— ડૉ. રણજિત પટેલ (અનામી)



શ્રી રામકૃષ્ણ પરમહંસની

# ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર સાથે મુલાકાત

મહેન્દ્રનાથ ગુપ્ત (માસ્ટર મહાશય)

દાદરો ચડીને સૌથી પ્રથમના ઓરડામાં ઠાકુર ભક્તો સાથે પ્રવેશ કરે છે. વિદ્યાસાગર ઓરડાની ઉત્તર બાજુએ દક્ષિણાભિમુખ થઈને બેઠા છે; સામે એક ચોખૂણિયું લાંબું પોલિશ કરેલું ટેબલ, ટેબલની પૂર્વ બાજુએ એક પાછળથી ઢળતી પીઠવાળો બાંકડો, ટેબલની દક્ષિણ બાજુએ અને પશ્ચિમ બાજુએ કેટલીક ખુરશીઓ. વિદ્યાસાગર એક બે મિત્રો સાથે વાતચીત કરી રહ્યા છે.

ઠાકુરે પ્રવેશ કર્યો એટલે વિદ્યાસાગરે ઊભા થઈને તેમનું સ્વાગત કર્યું.

ઠાકુર પશ્ચિમાભિમુખ, ટેબલની પૂર્વ બાજુએ ઊભા છે. ડાબો હાથ ટેબલની ઉપર; પાછળ બાંકડો. જૂની ઓળખાણ હોય તેમ વિદ્યાસાગરની સામે એકીટશે જોઈ રહ્યા છે, અને ભાવમાં હસી રહ્યા છે.

વિદ્યાસાગરનું વય આશરે ૬૨–૬૩. શ્રીરામકૃષ્ણના કરતાં ૧૬–૧૭ વરસે મોટા હશે. પહેરવેશમાં વગરકિનારનું ધોતિયું, પગમાં સપાટ, શરીર ઉપર એક અર્ધી બાંયનું પશમનું બાંડિયું. માથે ઓરિસાવાસીઓની પેઠે ફરતી ગોળ હજામત કરાવેલી. વાત કરતી વખતે દાંતનું ચોકઠું ચકચકિત દેખાય. માથું ખૂબ મોટું. લલાટ ઉન્નત અને જરાક ખર્વ આકૃતિનું. જાતે બ્રાહ્મણ એટલે ગળામાં જનોઈ.

વિદ્યાસાગરમાં ઘણા ગુણ હતા. પ્રથમ વિદ્યાનુરાગ. એક દિવસે માસ્ટરની પાસે એમ બોલતાં બોલતાં સાચેસાચ રડી પડેલા કે "મારી તો ખૂબ ઇચ્છા હતી કે હજીયે ભણું; પણ એ ક્યાં બન્યું? વહેવારમાં પડયો એટલે જરાય સમય મળ્યો નહિ! બીજો ગુણ દયા, સર્વ જીવો પર દયા. વિદ્યાસાગર દયાના પણ સાગર. વાછરડાંને તેમની માનું દૂધ મળતું નથી, એ જોઇને પોતે કેટલાંક વરસ સુધી દૂધ પીવાનું બંધ કરી દીધું હતું. છેવટે, શરીર અત્યંત માંદું રહ્યા કરવાથી ઘણા વખત પછી વળી દૂધ શરૂ કરેલું. ઘોડાગાડીમાં ચડતા નહિ, કારણ કે ઘોડા પોતાનું કષ્ટ બોલી બતાવી શકતા નથી. એક દિવસે જોયું કે એક મજૂર કોલેરાથી પીડાતો રસ્તામાં પડેલો છે, બાજુમાં તેનો ટોપલો છે. એ જોઇને પોતે તેને ઊંચકીને ઘેર લાવ્યા અને સેવા કરવા લાગ્યા. ત્રીજો ગુણ સ્વાતંત્ર્યપ્રિયતા. વ્યવસ્થાપકોની સાથે સહમત ન થવાથી સંસ્કૃત કોલેજના પ્રિન્સિપાલનું પદ છોડી દીધું. ચોથો ગુણ લોકમત પ્રત્યે બેપરવાઇ. એક શિક્ષક પર તેમનો સ્નેહ હતો. તેની દીકરીના વિવાહ પ્રસંગે કન્યાને માટે સાડી લઇને જાતે તેને ઘેર પહોંચ્યા. પાંચમો ગુણ માતૃભક્તિ અને સંકલ્પ બળ. તેમની માએ કહ્યું હતું કે બેટા ઈશ્વર! જો તું આ વિવાહ (ભાઇના વિવાહ)માં નહિ આવે તો મને મનમાં બહુ જ દુઃખ લાગશે. એટલે છેક કલકત્તાથી ચાલીને દેશમાં ઘેર ગયા. વચમાં દામોદર નદી. એ વખતે હોડી હાજર ન હતી, એટલે તરીને સામે કાંઠે પહોંચી ગયા. ભીંજેલે કપડે વિવાહની રાત્રે જ વીરસિંહ ગામે માની પાસે હાજર થયા અને કહ્યું, "મા! હું આવી પહોંચ્યો છું!"

ઠાકુર ભાવમાં આવતા જાય છે. અને થોડી વાર ભાવમાં ઊભા છે. ભાવ દબાવવા સારુ વચ્ચે વચ્ચે બોલે છે, 'પાણી પીવું છે,' જોતજોતામાં ઘરનાં છોકરાંઓ અને સગાંવહાલાં કુટુંબીઓ પણ આવીને ઊભાં.



ઠાકુર ભાવમગ્ન થઇને બાંકડા ઉપર બેસે છે. એક ૧૭–૧૮ વરસનો છોકરો એ બાંકડા ઉપર બેઠો છે. વિદ્યાસાગરની પાસે અભ્યાસ માટે મદદની માગણી કરવા આવ્યો છે. ઠાકુર ભાવ અવસ્થામાં છે. ઋષિની અંતર્દૃષ્ટિ! છોકરાના અંતરના ભાવ બધા સમજ્યા છે. એ જરાક ખસીને બેઠા અને ભાવ અવસ્થામાં બોલે છે, "મા, આ છોકરામાં સંસાર પર બહુ આસક્તિ છે; એ તમારો અવિદ્યાનો સંસાર! આ અવિદ્યાનો છોકરો!" શું ઠાકુર એમ કહે છે કે જે વ્યક્તિ બ્રહ્મવિદ્યા સારુ વ્યાકુળ નહિ તેને માટે પૈસા કમાવવાની વિદ્યા મેળવવી એ કેવળ વિડંબના જ છે?

વિદ્યાસાગરે ઉતાવળે એક જણને પાણી લાવવા કહ્યું અને માસ્ટરને પૂછ્યું, 'કંઇક ખાવાનું લાવે તો એ ખાશે?' માસ્ટરે જવાબ આપ્યો, 'જી, મંગાવોને!' વિદ્યાસાગર ઉતાવળથી અંદર જઇને કેટલીક મિઠાઇ લઇ આવ્યા અને બોલ્યા, "આ બર્દવાનથી આવી છે." ઠાકુરને થોડીક આપવામાં આવી. હાજરા અને ભવ-નાથને પણ થોડીક મળી. માસ્ટરને આપવા આવ્યા એટલે વિદ્યા-સાગર બોલ્યા "એ તો ઘરનો છોકરો, એના સારુ કંઇ અટકી રહેતું નથી." ઠાકુર એક ભક્ત છોકરાની વાત વિદ્યાસાગરને કહે છે. એ છોકરો અહીં ઠાકુરની સામે બેઠેલો હતો. ઠાકુર બોલ્યા, "આ છોકરો ખૂબ સારો અને અંતઃસાર, જાણે કે ફલ્ગુ નદી; ઉપર રેતી, પણ જરાક ખોદો એટલે અંદર પાણી વહે તે દેખી શકાય." મીઠું મોઢું કર્યા પછી ઠાકુર હસતાં હસતાં વિદ્યાસાગરની સાથે વાતો કરે છે. જોતજોતામાં આખો ઓરડો માણસોથી ભરાઇ ગયો; કોઇ બેઠેલા, કોઇ ઊભેલા છે.

શ્રીરામકૃષ્ણ—આજ તો સાગરમાં આવીને મળ્યો. આટલા

દિવસો સુધી તો નહેર, તળાવ, વધુમાં વધુ નદી જોઇ છે; આ વખતે તો સાગર જોઉં છું. (સૌનું હાસ્ય.)

વિદ્યાસાગર (સહાસ્ય)—ત્યારે ખારું પાણી થોડુંક લઇ જાઓ! (હાસ્ય.)

શ્રીરામકૃષ્ણ—ના રે! ખારું પાણી શાનું! તમે અવિદ્યાના સાગર નથી, તમે તો વિદ્યાના સાગર! (સૌનું હાસ્ય.) તમે ક્ષીરસમુદ્ર. (સૌનું હાસ્ય.)

વિદ્યાસાગર—એ તમે કહી શકો ખરા.

વિદ્યાસાગર મૂંગા રહ્યા. ઠાકુર વાત કરે છે.

"તમારું કર્મ સાત્ત્વિક કર્મ, સત્ત્વનો રજ. સત્ત્વગુણથી દયા થાય. દયાને લઇને જે કર્મ કરાય તે કર્મ રાજસિક ખરું, પરંતુ એ રજોગુણ સત્ત્વનો રજોગુણ, એમાં દોષ નહિ. શુકદેવ વગેરેએ લોકોપદેશ કરવા સારું દયા રાખી હતી, ઈશ્વર સંબંધી ઉપદેશ આપવા સારુ. તમે વિદ્યાદાન, અન્નદાન કરો છો; એ પણ સારુ. નિષ્કામભાવે કરી શકાય તો એનાથીયે ભગવત્પ્રાપ્તિ થાય. કોઇ કરે નામના સારુ, પુણ્ય સારુ. તેમનું કર્મ નિષ્કામ નહિ. અને સિદ્ધ તો તમે છો જ.

વિદ્યાસાગર—મહાશય, કેવી રીતે?

શ્રીરામકૃષ્ણ (સહાસ્ય)—બટાટા, પરવળ વગેરે સિદ્ધ થાય એટલે કે બફાય ત્યારે નરમ થાય. તમે પણ ખૂબ નરમ છો, તમારામાં આટલી બધી દયા છે! (હાસ્ય.)

વિદ્યાસાગર (સહાસ્ય)—વાટેલી અડદની દાળનાં મૂઠિયાં બાફો તો કઠણ થાય. (સૌનું હાસ્ય.)



શ્રીરામકૃષ્ણ—તમે એવા નથી ભાઇ! જેઓ એકલા જ પંડિતો છે તેઓ અર્ધા કાચા અને અર્ધા બળી ગયેલા. નહિ આણીકોર કે નહિ પેલીકોર. ગીધ ખૂબ ઊંચું ઊડે, પણ તેની નજર ઉકરડા પર. જેઓ એકલા પંડિત હોય, તે સાંભળવા પૂરતા જ પંડિત. પરંતુ તેમની આસક્તિ કામ—કાંચનમાં જ. ગીધડાંની પેઠે સડેલું મડદું શોધે. તેમને અવિદ્યાના સંસારમાં આસક્તિ હોય. દયા, ભક્તિ, વૈરાગ્ય એ વિદ્યાનું ઐશ્વર્ય.

વિદ્યાસાગર મૂંગા રહીને સાંભળે છે. સૌ એકાગ્રતાથી આ આનંદમયપુરુષનાં દર્શન અને તેમના કથામૃતનું પાન કરી રહ્યા છે.

**ધ્યાન રાખો કે ધ્યેયની વિસ્મૃતિ ના થાય**

દરેક માણસ આ જીવનના જંગમાં પડેલો છે તેમાં તેણે કામ, ક્રોધ, લોભ અને અહંકાર જેવા અનેક યોદ્ધાઓ જોડે લડવાનું છે. તેમની સાથેની લડાઇમાં નિરાશ થયે નહિ પાલવે. ભગવાનને શરણે જઇને, ભગવાન પર શ્રદ્ધા રાખીને તેણે લડવાનું છે. તો જંગ અવશ્ય જીતાય જાય છે.

— યોગેશ્વરજી

*** પરફેક્ટ એન્ટરપ્રાઇઝ ***

**મરચન્ટ, એક્ષપાર્ટ્સ, ઇમ્પોર્ટર્સ**

**એન્ડ જનરલ A to Z સપ્લાયર્સ**

૪૨, જયશ્રી ખોડિયાર કો—ઓપરેટીવ શૉપિંગ સેન્ટર

રજપૂતપરા મેઇન રોડ, રાજકોટ.

ફોન નં. ઓ. : ૨૫૪૭૮ ઘર : ૫૫૫૧૪

# શ્રીમદ્ ભાગવત વિમર્શ

ભાગવતાચાર્ય જનાર્દનભાઈ દવે

શ્રીમદ્ ભાગવત એ શ્રીભગવાનનું જ નામાત્મક–વાઙ્મયરૂપ છે. તેના બાર સ્કંધો એ શ્રીભગવાનનાં જ બાર અંગો છે. વેદમાં પ્રભુને द्वादशाङ्गो वै भगवान् એમ બોલાવ્યા છે. દશમસ્કંધમાં પૂતનાના શરીરપરથી શ્રીકૃષ્ણને લઈ આવેલી ગોપીઓ લાલાને ભયાનક પૂતનાનો ડર લાગ્યો હોય તો તે દૂર કરવા અને આવનાર વિપત્તિઓથી રક્ષવા द्वादशाङ्गेषु नामभिः લાલાનાં બાર અંગોનું ભગવાનનાં બાર નામો લઈ સ્પર્શ કરી રક્ષણ કરે છે.

ગોપીજનો જળનું આચમન કરી પોતાના દેહમાં પ્રથમ અંગન્યાસ અને કરન્યાસ જુદો જુદો કરી લાલાના અંગોમાં બીજન્યાસ કરવા લાગ્યાં.

(૧) અજન્મા ભગવાન તારાં ચરણોની.

(૨) કૌસ્તુભમણિવાળા તારા ગોઠણની.

(૩) યજ્ઞપુરુષ તારા સાથળની.

(૪) અચ્યુત ભગવાન તારી કટિની.

(૫) હયગ્રીવ તારા ઉદરની.

(૬) કેશવ તારા હૃદયની.

(૭) ઈશ્વર વક્ષસ્થળની.

(૮) સર્વ વ્યાપક ઇન ભગવાન તારા કંઠની.

(૯) વિષ્ણુ ભુજાઓની.



(૧૦) ઉરુક્રમ મુખની.

(૧૧) પરમેશ્વર મસ્તકની.

(૧૨) હૃષિકેશ તારી ઈન્દ્રિયોની રક્ષા કરો.

આ ક્રમ જરા ધ્યાનથી અવલોકવા જેવો છે. ચરણથી મસ્તકપર્યંતનું વર્ણન છે, અર્ચન પછી આરતી—નીરાજન પણ ચરણથી મસ્તકસુધી થાય છે. આગળ તૃતીયસ્કંધમાં શ્રીકપિલ ભગવાને પણ सञ्चिन्तयेद् भगवतः चरणारविन्दम् ભગવાનનાં શ્રીચરણોનાં તળિયાંનું વર્ણન શરૂ કરી ઉત્તમાંગ સુધીનું ધ્યાન આપેલું છે.

ઉપાસના અધોમુખી અને ઊર્ધ્વમુખી એમ બે પ્રકારની છે. ભગવાનમય બનવા ભગવાનનાં ચરણોથી ઉત્તમાંગપર્યંત ક્રમે ક્રમે મનને ભગવાનનાં પરમ સુંદર, પરમ મધુર દિવ્ય સ્વરૂપમાં લય કરતા જવો. એટલે ષોડશોપચાર પૂજનમાં પણ ધ્યાન—આવાહન—આસન પછી તુરત જ પાદ્ય—ચરણસરોજનું પ્રક્ષાલન છે. શ્રીમદ્ સદ્‌ગુરુ ભગવાનનાં કે આંગણે પધારેલા સંતોનાં પણ ચરણોને પ્રક્ષાલિત કરી પછી ભાલપ્રદેશનું ચંદનાદિવડે અર્ચન થાય છે. આરતિ પણ પ્રથમ ચરણોનાં દર્શન કરાવી પછી ઘૂંટણ, ઉદર, ભગવાનનાં દક્ષિણબાહુઓ, વક્ષસ્થલ, શ્રીકંઠ, અધર, નાસિકા, નેત્રો, લલાટ અને ઉત્તમાંગપર્યંત લઈ પછી ઉતરતા ક્રમે વક્ષસ્થલે લાવી પછી ભગવાનના વામબાહુઓનાં તે દ્વારા દર્શન કરી પછી ઉદર, નાભિ, જાંઘ, ઘૂંટણે, શ્રીચરણોપર્યંત લાવવામાં આવે છે.

કુંડલિની યોગમાં પણ મૂલાધાર ચક્રથી આરોહણ ક્રમે સહસ્રાર ચક્રપર્યંત ઉપાસના છે પણ પછી પરમશિવના સામરસ્ય પછી સહસ્રારથી મૂલાધારપર્યંત અવરોહણ ક્રમ છે.

દ્વિતીય અને તૃતીયસ્કંધોમાં શ્રીબ્રહ્માજી પોતાના કમળનું મૂળ

શોધવા કમળનાળમાં અવરોહણ ક્રમે શોધ કરે છે પણ નિરાશ થઈ મૂળસ્થાને આવતાં "તપ, તપ" એમ બે વાર આદેશ સાંભળે છે.

શિવપુરાણમાં બ્રહ્મા અનેવિષ્ણુ વચ્ચે હું મોટો એવો વિવાદ થતાં અગ્નિસ્તંભ સમાન કાલાગ્નિ રુદ્રરૂપ જ્યોતિર્લિંગ પ્રગટતાં તેનો તાગ લેવા બ્રહ્મા આરોહણ ક્રમે અને વિષ્ણુ અવરોહણ ક્રમે શોધ કરે છે. વિવેકવાન વિષ્ણુ શિવલિંગનો છેડો પોતાને નથી મળ્યો એ કબુલે છે પણ ભગવાન બ્રહ્મા ખોટું બોલી પુષ્પને સાક્ષી બનાવે છે ત્યારથી કોપેલા શિવના શાપથી બ્રહ્મા પુષ્કર સિવાય ક્યાંય પૂજાતા નથી.

કુંડલિનીમાં આરોહણ ક્રમ છે તેમ અવરોહણ ક્રમમાં વૈખરી વાણીનું મૂળ શોધતા જઈ ક્રમશઃ મધ્યમા, પશ્યંતી ને પરા સુધી અને તેના પણ કારણસુધી પહોંચાય છે.

આરતિમાં પાત્ર સ્થૂળશરીર, વાટ એ સૂક્ષ્મ ને કારણશરીર, પ્રાણ એ તેલ અથવા ઘી, જ્યોતિ એ જ્ઞાનરૂપ અગ્નિ. આમ સર્વસ્વનો પરમતત્ત્વમાં લય કરી વિશ્વમાંથી વિરાટ અને પિંડથી પરાત્પરસુધી પહોંચવાની પ્રક્રિયા છે.

એક વાટની આરતિ=જીવનો શિવમાં લય.

ત્રણ વાટની આરતિ=ત્રિગુણાત્મિકા પ્રકૃતિ અને તેનાં કાર્યોનો પરમપુરુષમાં લય વા પાંચ વાટની આરતિ= પંચકોશોનો મૂળ કારણ આત્મામાં લય અથવા પંચપ્રાણ, પાંચ જ્ઞાનેન્દ્રિયોનો પરમાત્મામાં લય–સમર્પણ.

સાત વાટની આરતિ=પાંચ જ્ઞાનેન્દ્રિયો+મન+બુદ્ધિ. આ સાતનો લય.

નવ વાટની આરતિ=પાંચ જ્ઞાનેન્દ્રિયો+અંતઃકરણ ચતુષ્ટયનો લય.



અગિયાર વાટની આરતિ=દસ ઈન્દ્રિયો ને મન આ અગિયાર સંસાર પ્રવર્તક તત્ત્વોની પરમાત્મામાં નિવૃત્તિ.

બરાબર આ જ રીતે પ્રભુના વાઙ્મય સ્વરૂપ ભાગવતજીમાં પણ શ્રવણ–કથાકીર્તનદ્વારા પ્રથમ સ્કંધરૂપ શ્રીહરિ ચરણથી બારમા સ્કંધમાં ઉન્નત્ત કરેલી ભુજારૂપ પરમાત્મામાં આરોહણનો ક્રમ અને એમ શ્રવણ મનનદ્વારા મુક્તિ.

પૂતના મુક્તિ પછીનાં ગોપીજનોએ ગાયેલાં બાલરક્ષા કવચ-માં પણ પરોક્ષપણે ન્યાસદ્વારા પૂતના અવિદ્યાનું ગન્ધમાત્રરૂપે રહેવું. જીવન્મુક્ત મહાપુરુષને પ્રારબ્ધ સમાપ્ત કરવાના હોઈ મૂલાવિદ્યા તો બળી જાય છે પણ પ્રારબ્ધભોગપર્યંત અવિદ્યા માત્ર ગંધરૂપે અવશિષ્ટ રહે છે.

▭

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો.

ફોન : ૨૭૬૨૯

**બહારગામના ચેક તથા ડ્રાફ્ટ કાઢી આપનાર**

# દીપક ટ્રેડલીંક

**શ્રોફ એન્ડ કમીશન એજન્ટ**

સ્વામીનારાયણ શેરી સામે, દાણાપીઠ, રાજકોટ–૧

સહયોગી પેઢી–દીપકકુમાર એન્ડ કું. ભાવનગર, ફોન : ૨૨૦૪૧, ૪૨૨૦૨૫

દીપક ફાઈનાન્સ, અમદાવાદ, ફોન : ૨૧૪૨૬૮૯, ૨૧૪૬૭૨૯

દીપક કોર્પોરેશન, મુંબઈ, ફોન : ૨૦૧૫૪૮૮, ૨૦૦૫૦–૧૬

દીપક એસોસીએશન, વડોદરા, ફોન : ૫૫૬૨૯૯

# તપશ્ચર્યાનો મંગલ મહોત્સવ

**ભક્તયાત્રી (યુ. એસ. એ.)**

[**નોંધ :** પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી છેલ્લા આઠ–નવ માસથી પરદેશમાં છે. તેમ જ તેઓ ત્યાં મૌન પાળીને સતત જપધ્યાનમાં લાગેલાં છે. આથી છેલ્લા કેટલાય સમયથી તેઓ વિષે ખાસ કંઈ સમાચાર ન હતા.

તા. ૧૮–૪–૯૬ ના રોજ તેઓના ઉપવાસોને ૧૨ વર્ષ પૂરાં થયાં. તેના ઉપલક્ષ્યમાં ભક્તોના આગ્રહને વશ થઈ પૂ. માએ તા. ૧૭ અને ૧૮ માર્ચના કાર્યક્રમોમાં મૌન પાળીને હાજરી આપવા સંમતિ આપી. તે બે દિવસોના કાર્યક્રમોને આવરી લેતા તેમ જ પૂ. માના સાધનાત્મક જીવન ઉપર પ્રકાશ પાડતા પૂ. માનાં વડીલ બહેન શ્રી સુશીલાબેન ભક્તના લેખને આ અંકમાં સમાવી લેવામાં આવ્યા છે. પૂ મા વિષે ઘણા સમયથી ઘણા બધા ભક્તો જાણવા ઈંતેજાર હોઈ આ ત્રણે લેખોનો સમાવેશ આ અંકમાં કરવામાં આવ્યો છે. —તંત્રી]

પૂ. શ્રી ગુરુદેવ મહાત્મા શ્રી યોગેશ્વરજીના મહાનિર્વાણને ૧૯૯૬ માર્ચમાં ૧૨ વર્ષ થાય છે. વળી પૂ. મા સર્વેશ્વરીના તપોમય જીવનને પણ ૧૨ વર્ષ થાય છે તો બારમા વર્ષની ઉજવણી ભવ્ય રીતે થાય તો? અને એ ઉત્સવ આપણે જ આંગણે ઉજવાય તો આવો શુભ વિચાર વિદેશની ધરતી ઉપર વસતા શ્રી ભગવાનજી-ભાઈ તથા શ્રી કંચનબેનના મન અંતરને ઢંઢોળી ગયો.

એ ભક્ત દંપતિ તો વરસોથી પૂ. શ્રીના પરિચયમાં છે. તો પૂ.



માના પણ એ અનન્ય ભક્ત છે. એ શુભ વિચાર ક્ષણમાત્રમાં વિરામ પામે તેવો થોડો હતો!

પૂ. માની હાજરીમાં જ એ મંગલ ઉત્સવ ઉજવવાની હોંશ મનઅંતરમાં જાગી, સાથે સાથે એ હોંશ પાર પડશે કે કેમ તેની શંકા પણ હતી.

દરવખતે તો પૂ. મા વિદેશ પધારે ત્યારે તેમની સુખદ સંનિધિનું સુખ પામતા. તેમની અમૃતવાણી પણ સાંભળતા. જાહેર કાર્યક્રમો પણ યોજાતા. સૌને દર્શન સત્સંગનો લાભ પણ મળતો.

પરંતુ આ વખતે પરિસ્થિતિ છેક પલટાઈ ગઈ હતી. પૂ. મા ૧૯૯૫ ના ઓગસ્ટમાં વિદેશની ધરતી ઉપર પધાર્યાં ને બીજે જ દિવસે તેમણે અચાનક મૌનવ્રત ધારણ કરી મંત્રજપના અનુ-ષ્ઠાનનો સંકલ્પ કર્યો.

પાંચ લાખ મંત્રજપ પૂરા થતાં જ પૂ. માનું મૌનવ્રત પણ પૂર્ણ થશે એવી સૌને આશા હતી, પણ આજે સાત મહિના થયા. પૂ. મા પોતાની મંત્રજપની યાત્રામાં ને મૌનવ્રતના પાલનમાં ધીરગંભીર સ્થિરતાપૂર્વક આગળ ને આગળ વધી રહ્યાં છે. મંત્રજપ તો એક કરોડસુધી પહોંચ્યા. મૌનવ્રતને પણ સાત સાત માસ વીતી ગયા. પૂ. મા જાણે મૌનવ્રતી મંત્રેશ્વરીના નવા સ્વરૂપે પ્રતિષ્ઠિત થઈ રહ્યાં છે.

મૌનવ્રત સાથે જ પૂ. મા ન્યુજરસી, કેનેડા ને લોસએંજલસ-માં પણ પધાર્યાં. જાહેર કાર્યક્રમ, પત્રવાંચન, ગ્રંથવાંચન, સત્સંગ, ભજનોનું શ્રવણ પણ બંધ. આ બધા બંધો વચ્ચે વસતાં પૂ. મા તો પોતાની અલૌકિક મસ્તીમાં અતિ પ્રસન્નતાથી સાત સાત માસ વીતાવી રહ્યાં છે.

ઉપરામિત થયેલા, અલખની દિવ્યમસ્તી માણતાં, મૌનવ્રત

ધારણ કરેલાં પૂ. માને જાહેર કાર્યક્રમ માટે બહાર લાવવાનું કાર્ય અતિ કઠિન હતું.

વિદેશના સાધક ભક્તોને તો એમને હસતાં ને હસાવતાં, બોલતાં પરમ આનંદ કરાવે તેવાં માને જોવાં હતાં.

તે સૌના પ્રતિનિધિ બની શ્રી ભગવાનજીભાઇ તથા શ્રી કંચનબેને પોતાની આ શુભભાવના પૂ. મા પાસે પ્રાર્થનાપૂર્વક રજૂ કરી. દિવસોસુધી પૂ. માએ કોઇ લેખિત પ્રત્યુત્તર તો નહીં જ, પણ ઉત્સાહ પણ ના બતાવ્યો.

હવે શું કરીએ એવી મીઠી મૂંઝવણની ક્ષણોમાં જાણે હરિએ સહાય ધરી.

તે દિવસોમાં લોસ એંજલસના શ્રી રામકબીર મંદિરના, ભક્તસમાજના ટ્રસ્ટીઓ પૂ. માને મંદિરમાં પધારવાનું આમંત્રણ આપવા આવ્યા. તેમણે શ્રી ભગવાનજીભાઇની ઉત્સવ ઉજવવાની વાત જાણી તરત જ કહ્યું, "આ ઉત્સવ તમારો નથી. પૂ. માનો પણ નથી. આ તો શ્રી રામકબીર ભક્ત સમાજનો ઉત્સવ છે. મંદિરની એ ફરજ છે. અને તે જ ઉત્સવ ઉજવવાનું કામ ઉપાડી લેશે." શ્રી ભગવાનજીભાઇના નાનકડા શુભ વિચારનો આટલો સરસ પ્રતિભાવ મળશે એવી કલ્પના પણ નહતી. ભક્ત સમાજના ટ્રસ્ટીઓએ એ વાત વધાવી લીધી.

પૂ. માને તો શ્રી રામકબીર ભક્ત સમાજના ધર્મગુરુ તરીકે સ્થાપ્યાં છે. તેમનું સન્માન કરી ભક્ત સમાજ પોતાનું ઋણ અદા કરવા માટે આ કાર્યક્રમ યોજે, એવી વિનંતિ સાથે પૂ. મા પણ મંદિરમાં પધારે એવી ટ્રસ્ટીઓ તરફથી પ્રાર્થના કરવામાં આવી.

પ્રેમભરી પ્રાર્થનાનો પ્રત્યુત્તર પણ છેવટે હકારમાં પ્રાપ્ત થતાં, સૌને આનંદ થયો.



મહાનિર્વાણને તથા પૂ. માના તપોમય જીવનના બારમા વરસે બાર કલાકનો અખંડ સંકીર્તનનો કાર્યક્રમ શ્રી રામકબીર મંદિરમાં યોજાશે એવી પત્રિકાઓ પણ પ્રસિદ્ધ કરવામાં ટ્રસ્ટીમંડળે વિલંબ ના કર્યો.

કાર્યક્રમ તો દક્ષિણ અમેરીકાના છેડે લોસએંજલસમાં ગોઠવાયો, પણ એ કાર્યક્રમની જાણ થતાં જ પૂ. માના દર્શન માટે કેનેડા, ન્યુજરસી, મેમફીસ, ટેક્ષસાસ, જ્યોર્જ્યા, ફ્લોરીડા, પનામાથી વિમાનમાર્ગે ૩૦, ૩૫ ભાઇબેનો આગલે દિવસે આવી પણ ગયાં!

પૂ. માનું ૧૯૮૮ માં શ્રી રામકબીર ભક્ત સમાજે જાહેર સન્માન કર્યું હતું. તે પ્રસંગે ભવિષ્યમાં થનારા કબીર મંદિર માટે પૂ. માએ એક નાનકડી રકમનું દાન આપ્યું હતું. એ નાનકડી પવિત્ર લક્ષ્મીથી પ્રારંભ પામેલી શ્રી રામકબીર મંદિરની ભવ્ય યોજના વરસો પછી સાકાર બની. ૧૯૯૪ જૂનમાં વિદેશની ધરતી પરના એ મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો.

ભવ્ય શિખરોથી શોભતા એ મંદિરમાં શ્રી સદ્‌ગુરુ કબીરસાહેબની ભવ્ય પ્રતિમા છે. સાથે સાથે ભગવાન શ્રીરામ, શ્રીકૃષ્ણ, શ્રીશિવજી, શ્રીજગદંબા, શ્રીહનુમાનજી, શ્રીનાથજીની પણ સુંદર પ્રતિકૃતિઓ પ્રતિષ્ઠિત થઇ છે.

વિદેશની ધરતી ઉપર આ સૌથી પહેલું કબીર મંદિર છે. ભક્તસમાજના યુવાન ભક્ત સેવકોના ભવ્ય પુરુષાર્થની યશગાથા ગાતું એ મંદિર અમેરીકાના દક્ષિણ ભાગના લોસ એંજલસમાં કારશન શહેરમાં આવેલું છે. આ મંદિર જોવાલાયક પ્રસિદ્ધ ભવ્ય મંદિરોની હરોળમાં સ્થાન પામ્યું છે એ એની વિશેષતા છે.

એવા આ ભવ્ય મંદિરમાં આ કાર્યક્રમનું આયોજન થયું તે એક નોંધપાત્ર ઐતિહાસિક ઘટના ગણાય.

તા. ૧૭ માર્ચ ૧૯૯૬ નું મંગલપ્રભાત પ્રગટયું ત્યારે શ્રીરામ-કબીર મંદિરમાં શ્રીસદ્‌ગુરુ કબીરસાહેબની નિત્ય આરતિ પ્રારંભ પામી. સાત વાગ્યે ઘંટારવ વચ્ચે ૧૨ કલાકનો સંકીર્તન કાર્યક્રમ પૂ. શ્રી યોગેશ્વરજીના સ્વરૂપ સામે શ્રીકબીરસાહેબની છત્રછાયામાં પ્રારંભ પામ્યો.

આરતી પછી લોસ એંજલસના શ્રીરામકબીર ભક્તસમાજે પોતાના કાંસી મંજીરા સાથે જ્ઞાનભક્તિ ભરેલાં રૂઢિગત ભજનો શરૂ કર્યાં જેમાં જુદી જુદી રાગરાગીણી સાથે શ્રીકબીરસાહેબનાં પદો ગવાયાં. સરસ રમઝટ જામી.

પ્રારંભ જ સરસ થયો. ૭ થી ૯ એ મંડળે પોતાનો સરસ કાર્યક્રમ આપ્યો. પછી ૯ થી ૧૨ શ્રીયોગેશ્વર ધ્યાન કેન્દ્રનો વારો આવ્યો. શ્રી યોગેશ્વર બાવનીથી એ શરૂ થયો. પૂ. શ્રી યોગેશ્વરજીએ રચેલાં વિવિધ પદો સૌએ મન મૂકીને ગાયાં. વચ્ચે વચ્ચે ધૂન શ્રી અંજના ભક્તે ગવડાવી. બહારથી આવેલા ભક્તોએ પણ એમાં ભાગ લીધો. તેમાં વળી શ્રીહિમંતકુમાર એકબોટેનાં તબલાં, શ્રી-ભગવાનજીભાઈના મંજીરા ને બાળકલાકાર પાર્થે પોતાના નાનકડા હાથોથી કીબોર્ડ વગાડી સૂર પૂરાવ્યો. ત્રણ કલાક તો ક્યાં વીતી ગયા ! સમય જાણે ઓછો પડયો.

બપોરે બાર વાગ્યાથી લોસએંજલસના "હરિઃ ૐ" ભજન-મંડળે પોતાનો ભજનોનો કાર્યક્રમ આપ્યો. પછી શ્રીરામકબીર ભક્ત સમાજના મહિલામંડળે પણ પોતાના મધુર ભજનોનો કાર્યક્રમ આપી સરસ સાથ પૂરાવ્યો.



જોતજોતામાં સાંજે પાંચ વાગવાની તૈયારી હતી. સૌની આંખો હવે મંદિરના મુખ્ય દરવાજા તરફ ઢળવા લાગી. ભજનો ધૂન તો ચાલુ જ હતાં. કાર્યકર્તાઓ તૈયારી કરવા લાગ્યા. મંદિરના મંચથી મુખ્ય દરવાજા સુધી સફેદ ચાદરો પાથરી એક નાનકડી લાંબી કેડી કંડારવામાં આવી. હોલમાં ઉપસ્થિત ભાઈબેનો હાથમાં પુષ્પો લઈને પેલી તૈયાર કરેલી કેડીની બન્ને બાજુ હરોળમાં ઊભા રહી ગયા. માઈક ઉપરથી શ્રીસુશીલાબેન તથા અંજનાબેને ધૂન શરૂ કરી. વાતાવરણ ધૂનની મસ્તીથી દિવ્ય બની ગયું. હોલ આખો માનવમેદનીથી ઉભરાતો હતો. સૌના મનમાં ઉત્સુકતા હતી.

આ ભવ્ય તૈયારી તો આખાયે કાર્યક્રમના પ્રાણસમાં મૌનવ્રતી મા સર્વેશ્વરીના સ્વાગતની હતી. સૌ પ્રસન્નતાથી સંકીર્તનને ઝીલતાં ઝીલતાં ડોલી રહ્યાં હતાં. કોઈ દિવ્યલોકનો અહીં દૈવી મંગલ મેળો જામ્યો હોય એવું એ વાતાવરણ હતું.

ત્યાં જ બરાબર ૫ વાગે આપણા સૌનાં પૂજ્ય અને પ્રિય મૌનવ્રતી મોએ મંદિરની એ ધરતી ઉપર પાવન પગલાં પાડયાં.

ધીમે ધીમે મુખ્યદ્વારમાં પ્રવેશે છે ત્યાં જ સૌએ પુષ્પવૃષ્ટિનો પ્રારંભ કર્યો. પગલે પગલે પુષ્પોની વર્ષા સ્વીકારતાં સ્વીકારતાં પૂ. મા મંચ તરફ પધારતાં હતાં ત્યારે માઈક ઉપરથી સૂર રેલાયા.

સ્વાગતમ્ સુસ્વાગતમ્,<br>
મારી માનું કરીએ સ્વાગતમ્.

એ દૈવી સૂરો સૌએ ગાતાં ગાતાં પૂ. માને વધાવ્યાં. સન્માન્યાં. મંદિર જાણે ગાજી ઊઠયું. સૌના મુખમાં એક જ શબ્દ "સ્વા-ગતમ્ સુસ્વાગતમ્."

અદ્‌ભુત અને અવર્ણનીય સૌનું એ અભિવાદન ઝીલતાં ઝીલતાં પૂ. મા સર્વેશ્વરી ધીરે ધીરે મંદિરના મંચ ઉપર પધારી

શ્રીસદ્‌ગુરુ કબીરસાહેબને અને સૌને પ્રણામ કરી આસન ઉપર બિરાજે છે.

ત્યારે ફરીથી પૂ. માની દેદીપ્યમાન તેજસ્વી પાવન પ્રતિમાને વધાવવા શ્રીપરમાર્થીએ રચેલું સ્વાગત ગીત ગવાય છે.

ફૂલડે વધાવીએ, સુસ્વાગતમ્ સુસ્વાગતમ્.
પ્રેમથી નવાજીએ, સુસ્વાગતમ્ સુસ્વાગતમ્.
પાગલને પગલે દિવાની
સર્વેશ્વરી મા ભવાની,
માનવ બનીને આવી,
સાક્ષાત્ મૂર્તિ સેવાની,
સહુ ચાલો હાર સત્કર્મના પહેરાવીએ. ફૂલડે૦
પ્રેમનો એ તો અવતાર,
કરુણા સિંધુ અપાર,
સહુ કોઇ ધન્ય બની જશે,
એને શરણે જનાર.
તક મળી મોંઘેરી આજ
શાને ન સાધી લઇએ! ફૂલડે૦
ફૂલડે વધાવીએ, સુસ્વાગતમ્ સુસ્વાગતમ્
પ્રેમથી નવાજીએ, સુસ્વાગતમ્ સુસ્વાગતમ્
સુસ્વાગતમ્ સુવાગતમ્.

શ્રી સુશીલાબેન, શ્રીરંજનબેન, શ્રીગુલાબબેન અને શ્રી-અંજના ભક્તે સમૂહમાં પોતાના સુરીલાકંઠે એ સ્વાગત ગીત વહેવડાવ્યું. સૌની આંખો અને અંતર પૂ. માના દર્શનમાત્રથી પ્રસન્ન થયાં.

ત્યાં જ મંદિરના ટ્રસ્ટી મંડળ વતી શ્રી કરશનભાઇ ભક્તે કાર્યક્રમનું સંચાલન હાથમાં લીધું. પૂજારી તથા ટ્રસ્ટીમંડળ તથા



બહારગામથી પધારેલા સૌ ભાઇબેનો તરફથી પૂ. માનું સ્વાગત કરવામાં આવ્યું.

પછી જાણીતા સંગીતકાર શ્રીપ્રેમાનંદજીના શાસ્ત્રીય સંગીતના કાર્યક્રમનો પ્રારંભ થયો. તેમણે કબીરજીના જ્ઞાનભક્તિ ભરેલાં પદોની રસલ્હાણ ધરી.

તે દરમ્યાન હોલમાં પધારેલા સૌ ભાઇબેનોએ શાંતિથી શિસ્તબદ્ધ રીતે પૂ. મા પાસે પધારી પુષ્પો અર્પણ કરી વંદના કરી. વ્યક્તિગત રીતે દર્શનનો લાભ લઇ પરમ સંતોષ મેળવ્યો. શ્રીરામકબીર મંદિરની એ વ્યવસ્થા ધન્યવાદને પાત્ર બની રહી.

શ્રીપ્રેમાનંદજીએ ભજનો સંભળાવ્યા ને તે ભજનોની મસ્તી વચ્ચે સૌએ હરોળમાં ઊભા રહી પાસે આવી દર્શનસુખ માણ્યું. ભજનોને દર્શનસુખનો એ કાર્યક્રમ બરાબર દોઢ કલાક ચાલ્યો.

ત્યારબાદ શ્રી ભરતભાઇ ભક્તે પૂ. માનો પરિચય આપ્યો. શ્રી સુશીલાબેન ભક્તે પૂ. મા ઉપર મનનીય વાર્તાલાપ આપ્યો, જેમાં પૂ. માના બાળપણની વિશેષતા, માતાપિતાનો ધર્મવારસો તેમનો સહયોગ, પૂ. માની મૌનમંદિરની સાધના કડક નિયમોની વાતો કરી. પ્રેમલક્ષણા ભક્તિભર્યા પૂ. માના કાવ્યોની કેટલીક પંક્તિઓનો રસાસ્વાદ કરાવી કહ્યું, "પૂ. મા હવે મૌન સાધનામાંથી સાધનાનું નવનીત પામીને સ્વરકિન્નરીના મધુર સંગીતમય ટહુકા કરતાં કરતાં ફરી અમારી વચ્ચે બહાર આવે." એવી સૌ વતી પ્રાર્થના કરી વાર્તાલાપ પૂર્ણ કર્યો.

છેવટે આમંત્રિતોનું આભાર સાથે અભિવાદન કરી પૂ. માનો વિશેષ રીતે આભાર માની શ્રી કરશનભાઇ ભક્તે કાર્યક્રમની પૂર્ણાહુતિ કરાવી.

સાત વાગ્યે નિત્ય સંધ્યા આરતી કરવામાં આવી. આ મંદિરમાં નિત્ય આરતી જે ગવાય છે તે પૂ. માની રચેલી છે તે વિશેષ નોંધપાત્ર ઘટના ગણાય.

આરતિ પછી શિસ્તબદ્ધ રીતે સૌ ફરી પેલી પગદંડીની આસપાસ હરોળમાં ગોઠવાઈ ગયાં. સૌનું અભિવાદન ઝીલતાં ઝીલતાં પૂ. માએ વિદાય લીધી.

ત્યારબાદ આજનો મહાપ્રસાદ લાડુનું મિષ્ટભોજન સૌએ માણ્યું.

આખા કાર્યક્રમની સફળતા અને વ્યવસ્થા શક્તિ માટે શ્રીરામકબીર મંદિરના કાર્યકર્તાઓ અભિનંદનના અધિકારી બન્યા. શ્રીરામકબીર મંદિર ટ્રસ્ટી મંડળની ઉદારતા, સમજશક્તિ, ઉત્સાહ, શ્રદ્ધા, ભક્તિભાવ વંદનીય છે.


બાહ્યત્યાગ તે ત્યાગ નહિ, આંતર ત્યાગજ ત્યાગ;
છોડી મનથી સર્વને, લે સુખસ્વરૂપ અગાધ.

ઓ. : ૨૩૫૯૮ ૩૪૦૧૬ ફે. : ૮૨૪૩૭ ઘ. : ૪૧૪૩૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
—: બનાવનાર :—

કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨




# સિદ્ધયાત્રી શ્રી સર્વેશ્વરી

પ્રવક્તા : સુશીલાબેન એમ. ભક્ત

[અમેરિકાના લોસ એન્જેલેસમાં શ્રીરામકબીર મંદિર ખાતે તા. ૧૭ માર્ચ, ૯૬ ના રોજ યોજાયેલ સમારંભમાં પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના જીવન વિષે આપેલ વાર્તાલાપનો સંક્ષેપ અત્રે આપવામાં આવ્યો છે. સમારંભનો અહેવાલ આ અંકમાં અન્યત્ર આપવામાં આવ્યો છે. —તંત્રી]

પૃથ્વીપરની કેટલીક પળોનું સર્જન પાવનકારી તથા અગમ્ય હોય છે, એવી ૧૯૪૩ ની ૧૩ મી નવેમ્બર અગમ્ય બની રહી. એટલે કે સુંદર કમળ–વનમાં સરોજ–પુષ્પનો પ્રાદુર્ભાવ થયો. પરંતુ વિધાતાના કાળચક્રમાં એ સરોજ–પુષ્પ ૨૧ મા દિવસની સંધ્યાએ મુરજાઈ જતું જણાયું. આંખો બંધ થઈ. શરીર પર ભૂખરો રંગ વરતાવા લાગ્યો. દીપ પ્રગટાવાયો. અન્નદાન, ધરમ કરાવાયું. સ્વજનોની આંખો છલકાવા લાગી. ત્યાં તો વિધાતાએ ફરી પાસુ બદલ્યું. શરીરમાં ચેતનતત્ત્વ જાગ્રત થતું ચાલ્યું. ફરી આંખો ઊઘડી. સ્વજનો હસી ઊઠયા, કારણ એ જગજનની હતી, જેના જન્મથી ભારતભૂમિ મહિમાવંતી બનવાની હતી. કપૂરા ગામ ધન્ય થવાનું હતું. ભક્ત સમાજ યશસ્વી બનનાર હતો. એ રીતે માતપિતાએ ગૌરવ પ્રામ કરવાનું હતું, અને સરોજબેને નામને સાર્થક કરવાનું હતું.

બાળવયથી જ એમનું શરીર કૃશ, શરમાળ સ્વભાવ, નમ્રતાભરી સાદાઈ, ભક્તિસભર જીવન હતું. કોકિલકંઠી મધુર અવાજ,

જાણે કે સ્વરકિન્નરી. એક કવિએ ગાયું છે. "આ કોયલ ક્યાંથી બોલી?" સાચે જ એમના કંઠનો ટહૂકાર તો એવો કે આપણા થીજેલાં હૈયાને ડોલાવી દે. વેદાનાં સામવેદોઽસ્મિ । ભગવદ્ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે આવું કહ્યું છે. સાચે જ પૂ. મા સંગીતક્ષેત્રે સામવેદ જ છે.

અમારા પિતાજીના ઘરમાં ૪૦–૪૫ વર્ષો પહેલાંથી ચૈત્ર માસમાં રામાયણનું પારાયણ કરવાનો ચાલતો આવેલો ક્રમ. અમારા સંબંધી શિક્ષકનાં પત્ની સ્વ. લલિતાબેન બક્ષી પારાયણ શરૂ થાય ત્યારે એક પાટલી લાવે. તેના પર એક સુગંધી ગુલાબનું ફૂલ મૂકે. એવી ઉક્તિ કે જ્યાં જ્યાં રામકથા ત્યાં ત્યાં હનુમાનજીની ઉપસ્થિતિ હોય જ. તે સંસ્કાર સર્વેશ્વરી માને મળ્યા છે. એટલે કે બાળવયથી જ હનુમાનજીની જેવી ભક્તિ એમનામાં પ્રાદુર્ભાવ પામેલી દેખાઈ છે. મારી સમજ પ્રમાણે હનુમાનજીની એ અનન્ય ભક્તિ આ સરોજબેનમાં સાકાર થતી જતી હતી. ૮, ૯ વર્ષથી જ એ અનન્ય ભક્તિનાં સંસ્કારબીજ પાંગર્યાં છે. એ જ વાત એમણે અર્ઘ્ય અને અંજલિના કાવ્યસંગ્રહોમાં જણાવી છે. પ્રથમ કાવ્ય જે માત–પિતાને અંજલિ આપતું લખ્યું છે, તેમાં તેઓ ગાય છે કે :

શૈશવમાં રામાયણ રસની લ્હાણ ધરી સપ્રેમ મને!
નમન કરું એ માતપિતાને આશીર્વાદ સમા મારે!

અમારા વડીલ સદ્ગત શ્રી લલ્લુદાસ તથા પ્રભુભાઈ વૈદ્યની પ્રેરણાથી શિક્ષણક્ષેત્રની કારકીર્દિ શરૂ થઈ. અને એ જ સાધના વિદ્યાભવન સુરતમાંથી આત્મિક સાધનાનું પ્રથમ સોપાન પણ અહીં જ શરૂ થયું. ભક્તિની લગની લાગી જ હતી. ત્યાં કોઈવાર રિસેસમાં કે કપુરાથી જતાં–આવતાં વહેલાં મોડાં થાય ત્યારે એ જ સોસાયટીમાં રહેતાં અમારાં વડીલ બેન શ્રીદેવયાનીબેન પાસે



મૌનમંદિરની વાતો સાંભળવા મળતી. ખુદ શ્રી દેવયાનીબેન પણ એ મૌનમંદિરમાં બેસતાં. આમ મૌન–મંદિરમાં બેસવાની તમન્ના જાગ્રત થતી ચાલી. દિવાળીની રજાઓમાં કે ઉનાળાના વેકેશનમાં અવારનવાર મૌનમંદિરમાં જવા લાગ્યાં. દિવાળીની રજાઓમાં સારુ સારુ ખાવાનું, વસ્ત્રોની સુંદર સજાવટ કે રંગોળીની રમ્યતા એમને આકર્ષતી ન હતી. અમારા પિતાજી એમને મૂકી આવતા, વળી પાછા અવધિ પૂરી થતાં વહેલી સવારે લેવા પણ પહોંચી જતા. આમ જાણે અજાણે વૈરાગ્યનો–ત્યાગનો પાઠ ભણાવાતો હતો તેનો ખ્યાલ ત્યારે આવતો ન હતો.

મૌન સાધનામાં એમની કવિત્વ શક્તિનો વિકાસ થતો ચાલ્યો. આત્મિક સાધનાનો વિકાસ આ રીતે સાધના વિદ્યાલયમાંથી શરૂ થયો. અહીંથી એકાંતવાસ સમાજના કોલાહલથી દૂર. પ્રભુને માવડી, સદ્ગુરુ તે જ પ્રભુ, ઘડીકમાં મિત્ર–સખા. જગતનું શ્રેષ્ઠ શરણું શ્રીગુરુના ચરણોમાં જ! સમર્પણની ભાવના જાગ્રત થતી ચાલી. "મારા ગુરુ ગોપાલ આવી છું તારે મારગડે, પાપ મારાં ધોવાને."

શાસ્ત્રમાં માતા શબ્દ ખૂબ પવિત્ર ને પૂજ્ય મનાયો છે. માતા શબ્દમાં જે મમત્વ, નિર્મળતા, શ્રદ્ધા, ભાવમયતા ને પ્રેમ છે, તે સઘળું પૂ. મા પોતાના સદ્ગુરુમાં અનુભવતાં હતાં. તેથી પૂ. માએ એક પદમાં લખ્યું છે:–

યોગેશ્વર માવડી રે, જનમો જનમની,
પ્હેરાવી જેણે પાવડી રે, જીવન વનમહીં.
યુવાની થનગનતી આવી જીવનની,
જ્ઞાનદીપ ત્યાં પ્રગટાવી, પ્રભુપંથે મને વાળી. યોગેશ્વર.

આ બધી નાની મોટી સાધનાનાં અમે સાક્ષી છીએ. અમે બધાં જ સ્વજનોએ એમની સાધનાને સ્વીકારી લીધી. એક ગ્લાસ ભરેલી માત્ર છાશ પરના ઉપવાસો તથા પ્રાર્થના પૂરી ન થાય ત્યાંસુધી પાણી પણ ન લેવું તથા ૨૦૦ માળા રોજની નિયમિત કરવાની, એ જ્યારે પૂરી થાય ત્યારે જ જમવું, નહીં તો ઉપવાસ, આવી આકરી ગણાતી સાધાનાને અમે જોઇ છે. એટલું જ નહીં, એમાં કોઇ સ્વજનોએ વિક્ષેપ પાડયો નથી. સાધના વિદ્યાલયમાંથી (સુરતથી) શનિ, રવિ, કપૂરા આવતાં જતાં બસમાં ઇલાબેનનો ભેટો થઇ જતો, તો બસમાં સત્સંગ ચાલતો. તેમાંથી ઇલાબેને પૂ. માને ઓળખી લીધાં હતાં. તે જ રીતે સુરતના નિવાસ સ્થાનમાંથી આશા, નિવેદિતાએ એમને ઓળખી લીધાં હતાં. કપૂરામાં બાજુમાં રહેતાં શ્રીમતી સરોજબેન પૂજ્યભાવે જ નિહાળતાં હતાં. તેઓ જ્યાંસુધી નજર પહોંચે ત્યાંસુધી જોયા કરતાં તો વળી આંખમાં આંસુ લાવીને બે હાથ જોડી ઊભાં જ રહેતાં. પૂ. માની ૧૯૭૯ માં ઝામ્બીયાની વિદેશયાત્રા વખતે પૂ. મા કપૂરાથી રાત્રે નીકળનાર હતાં. તો શ્રીસરોજબેન પૂ. માને પોતાના ઘરમાં અંદરના ભાગે લઇ ગયાં અને ત્યાં ગૂપચૂપ આરતિ ઉતારી. ઘરમાં તો બધાં જ ઘસઘસાટ ઊંઘતાં હતાં. આમ સરોજબેન પૂ. માને ભગવતી સ્વરૂપે ઘણા સમયથી જોતાં આવ્યાં છે. ફક્ત થોડાક જ ભક્તોએ જેમ ભગવાન કૃષ્ણને પહેલેથી ઓળખી લીધેલા તે રીતે.

પૂ. માની સાધના દિવસે દિવસે આકરી થતી જતી હતી. સ્વાદેન્દ્રિય પર કાબૂ. બહારનું ખાવાનું બંધ. વાસી ભોજન બંધ. ભેટ સોગાદો લેવાનું બંધ. શાળામાં આ નિયમ પહેલેથી કડક રીતે પળાતો હતો. ભાઇબેનોની ભેટ—સાડી બધું જ લેવાનું બંધ. આ બધું અમારા પિતાજીથી સહન થતું ન હતું. તે સમયે સવારના



વ્યક્તિ સંગીત રેડિયો પર અનુપ જલોટાએ ગાયેલું એક ભજન આવતું. ત્યારે તેઓ ગળગળાં થઇ જતાં એમની આંખોમાંથી ચોધાર આંસુ વહ્યે જતાં તે ગીતની પંક્તિઓ આવી છે—

મહલોંમેં પલી, બનકે જોગન ચલી,
મીરા રાની દિવાની કહલાને લગી,
રાણાને વિષ કો દીયા, માનો અમૃત પીયા,
મીરા સાગરમેં સરિતા સમાને લગી.
એસી લાગી લગન.

અહીં પૂ. મા તો ભક્તિરસમાં લીન છે. તેઓ તો પોતાના કાવ્યોમાં ખૂમારી ભરેલી વાતો લખે છે. પડકાર ફેંકે છે. અને પ્રભુને સંદેશાઓ પાઠવે છે કે—

અરે કોઇ શ્યામલ જોગીને જઇ કહેજો રે.
જોગણ જુએ વાટડી રે.
રાત દિવસ એ તો રાહ જુએ તારી રે.
જપતી ને ભજતી બેઠી રે એકાંતે રે.
જોગણ જુએ વાટડી રે.

પ્રભુને પામવાની જ તમન્ના. પરમાત્માનું જ રાતદિવસ રટણ. પરમાત્માના જ પ્રેમ જગતમાં જીવે. પ્રભુ માટે પાગલ બને. એવી વિરલ વ્યક્તિ તે આ મા સર્વેશ્વરી. પૂ. માની ઉપરામતા વધતી ચાલી. તપસ્યા પણ વધતી ચાલી. અને એઓ લખે છેઃ—

બંધુને બેનડી આડે ના આવ્યાં
સ્વજનોએ સાથ ધર્યો જીવન મહીં,
પિતા પડખે ઊભા પ્રેરણા દેતા,
માતાએ આશિષ મૂક ધરી.

—અને સદ્ગુરુના સંપૂર્ણ શરણે પહોંચી ગયાં! સાધનાના ક્ષેત્રમાં આગળ વધ્યાં. તો શિક્ષણક્ષેત્રમાંથી રાજીનામું આપી દીધું.

નિવૃત્તિ લીધી. ક્ષેત્ર બદલાઇ ગયું. સદ્‌ગુરુની સેવા સ્વીકારી. વંદનીય માતાજીની ખડે પગે સેવા કરી. વિરોધી વંટોળ ઊભો થયો. અડીખમ અણનમ યોદ્ધા જેવો પડકાર ઝીલી લીધો. પૂ. શ્રી મહાત્માજી સાથે યાત્રાઓ થઇ. નિયમોનું ચુસ્તપણું સ્વાભાવિક બનતું ચાલ્યું. ૧૮ માર્ચ ૧૯૮૪ પછી અત્યંત કઠિન, તલવારની ધાર જેવાં વ્રતો શરૂ થયાં.

અન્નત્યાગ–ઘી–તેલ–ખારુ–લવણરસનો ત્યાગ થયો. અને હમણાં છેલ્લાં ચાર વર્ષથી સાકર પણ છોડી છે. તો દૂધ કે દહીં ખાટાં ફળોનો રસ કેવી રીતે આપી શકાય? પૂ. મહાત્માજીને પ્રિય એવી કેરી તો મહાત્માજીની હયાતીમાં જ છોડી દીધી હતી. આજ સુધી ચાલ્યા આવેલા નિયમોમાં કોઇ બાંધછોડ નથી. હવે આકરી કસોટીઓ એમના યજમાનની છે. અહીં કેનેડા, ન્યુજર્સી, ભારત, એલ.એ વાળા યજમાનો એમના છે જ. કપરી કસોટીઓમાંથી તેઓ કેવી રીતે પસાર થાય છે. તેને જે વેઠે તે જાણે.

પૂ. મા સર્વેશ્વરીની વર્ષોની સાધનાથી તેઓના શરીરનાં અણુએ અણુ પવિત્ર બન્યાં છે. વધુને વધુ પવિત્રતા, તેજસ્વિતા-ના પરિણામે કહો કે પરમતત્ત્વ જ બની ગયાં છે. તેથી કદીક કોઇનો સ્પર્શ એમને બહુ વેદનાયુક્ત લાગે છે.

હવેની સાધનામાં મૌન–સાધના ઉત્તરોઉત્તર વધતી જ ચાલી છે. છેલ્લા આઠ માસથી એમની આ સાધના ચાલી રહી છે. એક કરોડ મંત્રજપ હવે પૂર્ણ થશે. રોજ રોજ સવારે ત્રણ વાગ્યાસુધી અખંડ સાધના ચાલે છે. છતાં વ્યાયમ કરે છે, આસનો કરે છે, એક કલાક રોજ ચાલે છે. સાથે ચાલનારા યુવાનો પાછળ પડે એવી ઝડપથી તેઓ ચાલે છે. અદ્‌ભુત આશ્ચર્યચકિત વ્યક્તિત્વ છે. ચમત્કારી સ્વયં પરમ શક્તિ જ છે. તેઓ કોઇનાં સંસારી સગાં નથી. તેમનું સગપણ પ્રભુ સાથે છે.



હે સગપણ શ્રીવરનું સાચું રે,
બીજું બધું દુનિયાનું કાચું રે,
જેણે એ તાણીને, બાંધ્યું રે,
ના દુઃખ તેને કો'દિ આવ્યું રે.

સગપણ–સંબંધ–વાંચન–લેખન બધામાંથી જ ઉપરામતા છે. તેઓ દિવ્ય–દૃષ્ટા છે. કોઇ હજારો માઇલ પર રહેલા ભક્તનો આર્તનાદ સાંભળી દોડી જાય છે. ભૂખ–તરસ–થાક–શ્રમ કોઇ સતાવતાં નથી, માતા જે ન કરી શકે તેવું વ્હાલ, પ્રેમ, આંખોમાં અમી, કરુણા, પ્રેરણા બધું જ દિવ્ય દિવ્ય. એમનાં કાવ્યોમાં ભવિષ્યનો રણકાર છે.

પ્રભુપંથે આગળ બઢશે, બીજાને મારગ ધરશે.
પ્રભુને પામીને ઠરશે, કૃતકૃત્ય જિન્દગી કરશે.

એઓ જે લખે છે. તે સો ટકા સત્ય ઠરે છે, એવો એમનો ઋષિના તપના જેવો પ્રભાવ છે. સૂર્ય–ચંદ્ર–સાગર–સરિતા–વર્ષા એમને અનુકૂળ બને છે. આમ પ્રકૃતિ પર વિજય થાય છે. તેઓ શ્રી પોતાની મસ્તીમાં જ મગન છે ઉપરામતાની અવધિએ કોઇ ખલેલ ન કરે એવી સ્થિતિમાં ગળાડૂબ રહીને ગાય છેઃ–

પ્યાલી પીને બની મસ્તાની,
કોઇ વાટ જુઓ ના મારીં.
માતપિતાએ બુંદ ચખાડીનેં
ભક્તોએ વાટ બતાવીં,
ધ્રુવ, પ્રહ્‌લાદ ગોપી વળી મીરાં
સૌએ મળીને વખાણી. પ્યાલી૦
મસ્ત બની પડી રહેવા દો મનેં
ધરી દો સાચી સલામીં.

સૂઝે તે કામ કરો વ્યવહારેં
પૂછો ન વાત નકામી. પ્યાલી૦
સત્યપથે અમે વાળી પલાંઠીં
છોડી જગની યારીં.
સર્વેશ્વરીની દુનિયા આખીં.
યોગેશ્વરમાં સમાણી. પ્યાલી૦

આપણે સહુ પ્રભુને પ્રાર્થના કરીએ કે તેઓ આવી મસ્તીમાંથી બહાર આવે. મૌનવ્રત પૂરુ કરે. એમના સ્વરનો ટહુકાર ફરી સાંભળીએ. આયુષ્યમાન રહી સહુને ફરી સત્યનો માર્ગ ચીંધે એવી અભ્યર્થના સાથે વિરમું છું.

**તંત્રી અધ્યાત્મને લખવાથી નીચેનાં પુસ્તકો મળી શકશે.**

૧. સરલગીતા. રૂ. ૩/–
૨. બિન્દુ (બાલગીતોનો સંગ્રહ) રૂ. ૪/–
૩. પ્રેરક પ્રાર્થના (પૂ. યોગેશ્વરજી અને મા શ્રી સર્વેશ્વરીએ રચેલી સ્તુતિઓ, ગીતો ને ભજનોનો સંગ્રહ) રૂ. ૩/–
૪. તુલસીદળ (ઉપર મુજબ) રૂ. ૪/–
૫. શ્રીવિષ્ણુસહસ્ર સ્તોત્ર રૂ. ૫/–
(મૂળ સંસ્કૃત અને તેનો સમશ્લોકી કાવ્યાનુવાદ છપાઇ રહ્યું છે)

ભારતમાં દરેક પુસ્તક દીઠ બુકપોસ્ટનો અલગ રૂ. ૧/– થશે.



# મહાનિર્વાણનો મહોત્સવ

અનુરાગી

૧૯૭૮ માં એક જ પ્રવચન સાંભળી પ્રભાવીત થયેલા પ્રકાશપંથના વાચક શ્રી ભગવાનજીભાઇ તથા શ્રી કંચનબેને પૂ. શ્રી યોગેશ્વરજીને આગ્રહ કરી પોતાને આંગણે ઉતાર્યા. પૂ. માતાજી જ્યોતિર્મયી સાથે પૂ. શ્રીએ જે ધરતી પાવન કરી તે સાન્તાઆનાની આ પવિત્ર તીર્થભૂમિ શ્રી કૃપાલુધામ.

પૂ. શ્રીના પાવન પગલે પવિત્ર બનેલી આ ભૂમિ ઉપર પૂ. મા પણ ૧૯૮૧ માં પૂ. શ્રી સાથે પધાર્યાં. પછી તો ઘણીવાર અહીં મહિનાઓ સુધી મૌન એકાંત સેવન પણ કર્યું.

એ પવિત્ર આંગણે ૧૯૯૬ ના માર્ચની ૧૮ મીનો મંગલ ઉત્સવ ઉજવાશે એનો આનંદ આ ભક્તદંપતિના હૈયે હતો.

તા. ૧૭ મીનો ૧૨ કલાકનો સંકીર્તનનો કાર્યક્રમ તો શ્રીરામકબીર મંદિરના વિશાળ હોલમાં અદ્દભુત રીતે ઉજવાયો. પણ ૧૭ મીએ સાંજે જ ખ્યાલ આવી ગયો કે આવતીકાલના કાર્યક્રમમાં આપણે આંગણે જગ્યા નાની પડશે.

મંદિરમાંથી આવીને પૂ. માએ નવો વિચાર આપ્યો. કૃપાલુધામની બહાર ખુલ્લી જગ્યામાં કાર્યક્રમ માટેની તૈયારી કરો. રાતે ૧૦ વાગે આ વિચાર જાગ્યો. બીજા દિવસે હવામાન કેવું રહેશે, તે જાણી લીધું ને સૌ સેવકોને બોલાવી લીધા. રાતે ૧૧ વાગ્યે તૈયારી શરૂ થઇ. આખી રાત તૈયારીમાં વીતી. સવારે તો સરસ સુશોભિત ચાદરો ને તોરણોથી શોભતું સ્થળ તૈયાર થઇ ગયું !

"એ તો પલટાવી દે પ્રાણને આખો જો," એ ઉક્તિ જાણે પૂ. માએ સત્ય કરી બતાવી.

૧૮ માર્ચનું ૧૩ મા સાધનાત્મક વર્ષનું નવલુ પ્રભાત નવી દિશાને ઉઘાડતું કુમકુમ વર્ણે પાંગર્યું.

પરંતુ તે પહેલાં ૧૦ દિવસથી આ ધરતી તો પૂ. માના મંગલ માર્ગદર્શનથી મહિમાવંતી થઇ રહી હતી. પૂ. શ્રી યોગેશ્વરજીકૃત ભાગવતનું પારાયણ કેનેડાથી આવનાર બેનોએ આજ ધરતી ઉપર કર્યું. વળી ૧૦૮ વાર શ્રી યોગેશ્વર બાવનીનું પારાયણ, ૫૧ વાર શ્રીમદ્ રાજચંદ્ર કૃપાલુદેવની બાવનીનું પારાયણ તથા રોજ સાંજે સંકીર્તન તો છેલ્લા ૧૦ દિવસથી પ્રારંભ પામ્યું હતું. જોકે પૂ. મા તો પોતાના ઓરડામાં જ મંત્રજપની મસ્તીમાં મસ્ત રહેતાં. સૌ સાધકોને પેલા ઘરમાં આવા કાર્યક્રમની છૂટ મળી હતી. જેમ જેમ બહારગામથી ભક્તો આવતા જાય તેમ તેમ એ ભક્તિરસની પાવનગંગામાં સ્નાન કરતા ગયા.

છેવટે ૧૮ માર્ચ પણ આવી ગઇ. તા. ૧૮ મી માર્ચે કૃપાલુ-ધામમાં મંગલપ્રભાતે સૌ સાધકભાઇબેનો ૮ વાગ્યાના કાર્યક્રમમાં સમયસર આવી ગયા. પૂ. મા પણ પધાર્યાં.

ગુરુવંદનાના મંગલ શ્લોકો તથા ભૈરવી રાગમાં "હે જ્ઞાનેશ્વર હે ધ્યાનેશ્વર"ની પ્રાર્થનાના મધુર સ્વરો શ્રી સુશીલાબેનના કંઠે વહેતા કર્યા, ત્યાં તો પૂ. શ્રી યોગેશ્વરજીના સ્વરૂપને સૂર્યનારાયણના પવિત્ર કિરણોએ પણ સ્પર્શી કરી પ્રણામ કર્યાં.

પ્રાર્થના પછી મંત્રગાનનો કાર્યક્રમ ન્યુજરસીવાળા શ્રીવિનોદ-ભાઇએ સંભાળ્યો. "ૐ યોગેશ્વરાય નમઃ"ના પ્રભાતે થતા એ મંત્રોચ્ચાર જાણે કોઇ પ્રાચીન ઋષિના આશ્રમનું સ્મરણ કરાવતા



ગયા. શ્રી વિનોદભાઇ મંત્રગાન કરે ને સૌ તેને ભક્તિભાવથી ઝીલે. સૌ સ્થિર બેસી આંખો બંધ કરી પ્રભાતની એ શાંતિમાં મંત્રગાનમાં મસ્ત બન્યા હતા.

ત્યાં જ પૂ. મા અચાનક ઊભાં થાય છે. ન્યુજરસીવાળા સરોજબેનની સહાયથી સૌ સાધકોને એક એક શાલ ઓઢાડવાનું મંગલકાર્ય પ્રારંભે છે. એ પીળી શાલ ઉપર "ૐ યોગેશ્વર રક્ષ મામ્"નો મહામંત્ર અંકિત થયેલો હતો. દરેકની પાસે જઇને પૂ. માએ મૌન રહી ચૂપચાપ સૌને શાલ અર્પણ કરી, એ શાલ જેના જેના અંગે સ્વીકારી તે તે ધન્ય થઇ ગયા!

મંત્રગાનની પૂર્ણાહુતિ થતાં સૌએ પોતાનાં અંગ ઉપરની શાલનું નિરીક્ષણ કર્યું. જાણે રાતોરાત સંસારીમાંથી સૌ સાધુ થઇ ગયા, એવો આનંદ સૌના મુખ ઉપર છવાઇ ગયો. મહામંત્રવાળી શાલ અને તે પણ પૂ. માના હાથે મળી તેથી જ સૌએ અનુભવ્યું કે આ શાલ માત્ર એ શાલ નથી, આતો રક્ષા કરચ્નની મહાપ્રસાદી મળી છે. અરે, સુશીલાબેને તો સૌને બે પંક્તિ પણ સંભળાવી શાલનું મહત્ત્વ સમજાવ્યું.

"લાલ પીળી શાલ તેરી જાદુ સે ભરી,
જિસ કે સિર પર પડી ઉસકી વિપત ટળી."

જાણે અહીં તો પેસિફિક મહાસાગરના તટે આ મહાન તપસ્વિની ઋષિનો આશ્રમ ને તેમાં લાલપીળી શાલ પરિધાન કરેલા સંસારી સાધુઓ બિરાજ્યા હોય તેવું પાવનપવિત્ર મંગલ કૃપાલુધામ. અરે, આજે એનું નામ સાર્થક થઇ ગયું!

ત્યારબાદ સોમવાર હોવાથી શિવમહિમ્નસ્તોત્રનો સમૂહમાં પાઠ થયો.

પછી એક કલાક સંકીર્તનનો કાર્યક્રમ રસપ્રદ રહ્યો. ત્યારબાદ કેટલાક ભાવાત્મક પત્રોનું વાંચન કરવામાં આવ્યું.

કેનેડા ધ્યાનકેન્દ્રના સંચાલક પૂ. શ્રીના અનન્ય પ્રેમીભક્ત શ્રી સુરેશભાઇનો પૂ. શ્રી તથા પૂ. મા ઉપર અહોભાવ વ્યક્ત કરતો પત્ર પ્રથમ સ્થાન પામ્યો.

બીજો પત્ર કપૂરાના પૂ. શ્રીના યજમાન શ્રી શારદાબેન તથા ભારતીબેન તથા શ્રીરમેશભાઇનો વંચાયો જેમાં સ્વજન વડીલ તરીકે પૂ. માના તપને વધાવતો તથા હવે પછીના વરસોમાં આરોગ્ય સારું રહે એવી શુભ ભાવના વણાયેલી હતી.

ત્રીજો પત્ર શ્રી કલ્યાણનો હતો. ભારતથી ફક્ત તેમનો જ પત્ર અહીં સુધી પહોંચ્યો હતો. તેમના પત્રમાં પૂ. મા માટેનો ભક્તિભાવ, જ્ઞાનયુક્ત સમજ વંદનીય હતી. પત્ર વાંચનથી સહુની આંખો ભીની થઇ. સૌના હૈયાં ભાવવિભોર બન્યાં. ગોપીભાવે પૂ. માનો જાણે વિરહ અનુભવતા હોય તેમ વેદના ભરેલો એ પત્ર સૌનાં હૈયાને હલાવતો ગયો, ડોલાવતો ગયો. સૌને ઉત્તમ જ્ઞાનામૃત પામ્યાનો પરમસંતોષ ધરતો ગયો.

ત્યારબાદ પૂ. શ્રી યોગેશ્વરજીની અમૃતવાણીનું સૌએ શ્રવણ કરી પૂ. શ્રીની જાણે પ્રત્યક્ષ સંનિધિનું સુખ માણી સૌ પાવન થયા.

ફરી પાછા ધૂન–ભજનોનો પ્રારંભ થયો. શ્રી અંજના ભક્તે ધૂનની મસ્તી ચઢાવી અહીં પણ તબલાવાદક હેમંત સાથે પેલો બાળ કલાકાર પાર્થ જોડાયો.

પૂ. માનાં મોટાબેન શારદાબેનનો એ નાનકડો પૌત્ર. જન્મથી જ કુદરતી બક્ષીસ લઇને આવ્યો છે. કોઇ પણ ગુરુની દોરવણી વિના ઘરે દરરોજ થતી સાંજની પ્રાર્થનામાં પાર્થને તેના પિતા



જગદીપ બંને પેલા એકલવ્યની જેમ જાતે જ વાંજીત્રો શીખવા માંડયા ને આજે તો એ પિતાપુત્ર જાહેર ભજનોના ઘણા કાર્યક્રમોમાં પણ સફળતાથી પોતાની ઉત્તમકળાનું દર્શન કરાવે છે. કોઇ પણ શાસ્ત્રીય તાલિમ વિના સહજ રીતે સંગીતના બંને વાંજીત્રો ઉપર જાણે કોઇ ઉસ્તાદની જેમ બાળપાર્થની નાની નાની કોમળ કોમળ આંગળીઓ ફરતી હતી. ટેક્ષાસના નાનકડા ગામમાં જન્મેલો એ બાળકલાકાર સૌના આકર્ષણનું કેન્દ્ર બની ગયો. સૌએ એને વધાવી લીધો. કલાદેવી કોને ક્યારે ક્યાં વરે છે, તે રહસ્ય કોણ પામી શકે?

ધન્ય છે એ કલાદેવીને, ધન્ય છે એ બાળકલાકારને.

સૌ સાધકો એની કળાને વંદી રહ્યા. પૂ. માએ તો એ બાળ ઉપર આશીર્વાદનો ધોધ વરસાવ્યો. સવારની બેઠક બાળકલાકાર પ્રાર્થના સંગીતના સૂરો સાથે સમામ થઇ, ત્યારે ઘડિયાળમાં બાર વાગ્યા હતા.

બારથી ૨–૩૦ નો વિશ્રામ જેમાં બહાર ખુલ્લામાં જ ફળદૂધની વ્યવસ્થા ટેબલ ઉપર થઇ ગઇ, જેને જે રુચે તેનો તેનો સ્વીકાર કરી ફલાહારી બની આજનો મંગલદિન સૌ પોતાની રીતે મનાવતા હતા.

બરાબર અઢી વાગ્યે બીજી બેઠકનો પ્રારંભ થયો. પૂ. મા પણ સમયસર પધારી આસન ગ્રહણ કરે છે. ભજનોની રમઝટમાં સાનફ્રાન્સિકોથી આવેલાં ભારતીબેન જેમના કંઠમાં જાણે સંગીત શીખ્યા હોય તેવી હથોટીનાં સૌને દર્શન થયાં. વળી કેનેડાની મંડળીની તો વાત જ શી કરવી! ઘડીકમાં હંસાબેન લાડ તો વળી ગીતાબેન શાહ, તો વળી પ્રભુદાસભાઇ પોતાની રીતે સૌને મસ્ત બનાવે. ન્યુજરસીથી ખાસ પધારેલા શ્રીધીરજબેન નાણાવટીની

"અંબે ભવાની શારદે, જગદંબે ભવાની શારદે"ની ધૂનથી વાતાવરણ દિવ્યતાથી ઉભરાઇ ગયું. સૌ જાણે કીર્તનભક્તિમાં ખોવાઇ ગયા. પરમાનંદની મસ્તી. "માંહી પડયા તે મહાસુખ પામે," તેવી અનુભવીથી સૌ ધન્ય થયા.

ત્યારબાદ શ્રીવિષ્ણુસહસ્રનો પાઠ સૌએ ખૂબ ભાવભક્તિથી પૂર્ણ કર્યો. સાધકોના વાર્તાલાપનો પણ કાર્યક્રમ હતો. અહીં ભારત જેવા વાર્તાલાપમાં કુશળ વક્તા કયાં હતા? પણ જે હતા તેમાંથી પસંદ કરવા જ રહ્યા.

જેથી સૌ પ્રથમ કેનેડાથી પધારેલા શ્રી સુરેશભાઇ પરીખનો નંબર હતો.

તેમણે પૂ. શ્રીનો પરિચય ક્યારે, ક્યાં, કેવી રીતે થયો તેની સરસ વાતો કરી, એક પ્રસંગ કહ્યો, જેમાં પૂ. મા સર્વેશ્વરી ૧૯૮૧ માં પૂ. શ્રી સાથે પ્રથમવાર કેનેડા પધાર્યાં ત્યારે સુરેશભાઇના સ્ટોરમાંથી સાડી પસંદ કરી, પણ "મફત ના લેવાય" એ સિદ્ધાંતમાં પૂ. શ્રીએ પણ એમને સહયોગ ધર્યો. તે પ્રસંગમાં પૂ. શ્રીની વ્યવહારિક કુશળતા કેવી હતી તેની સરસ છણાવટ કરી.

બીજા વક્તા લોસએંજલસના જ હતા. શ્રી ચંદુભાઇ ભક્ત જેમણે પૂ. શ્રીનાં દર્શન નથી કર્યાં, પણ પૂ. માના જીવનમાંથી શું શીખવા મળ્યું તેની સરસ વાતો કરતાં કહ્યું; પૂ. મા સહજ રીતે આપણને, આપણા મનઅંતરને વાંચીને પ્રત્યુત્તર પાઠવતાં હોય છે. પૂ. માની તપશ્ચર્યાની એ શક્તિનો એક અનુભવ પણ એમણે રજૂ કર્યો.

ત્રીજા વક્તા મેમફીસથી આવેલાં પ્રેમીભક્ત શ્રીગુલાબબેન હતાં. એ તો પૂ. માના પરિવારનાં એક ઝળહળતા રત્નસમાં છે. પૂ.



માને સમજવાની એમનામાં એક જ્ઞાનભરી દૃષ્ટિ છે. સતત સત્સંગની વાતો જ જાણે જીવન ટકાવવાનું એમનું ઉત્તમ સાધન છે. એમણે પૂ. મા તો પરમશક્તિ અવતારી તત્ત્વ મા ભગવતી છે એવી સરસ સમજ આપતાં શ્રી પરમાર્થીની "તું થી દીપે આ સંસાર," પંક્તિ ઉપર પ્રકાશ પાથર્યો.

ચોથા વક્તા આજના ઉત્સવના યજમાન પૂ. માના અનન્ય ભક્ત શ્રી ભગવાનજીભાઇ હતા. તેમણે પૂ. માના જીવનને નજીકથી જોઇને જે અનુભવ્યું તેની વાતો કરતાં કહ્યું, "પૂ. માનું સહજ બોલાયેલું વચન કે લખાણ હવે સિદ્ધ થતું અમે ઘણીવાર અનુભવ્યું છે. મંત્રજપના અનુષ્ઠાનમાં મંત્રની મસ્તી પણ જોવાનું અમને સદ્‌ભાગ્ય નજીકથી સાંપડયું છે, તો વળી નિર્જળા ઉપવાસોની આકરી તપશ્ચર્યાના પણ સાક્ષી બનવાનું મળે છે. એવી મહત્ત્વની વાતો ઉપર એમણે પ્રકાશ પાડી પ્રણામ કરી વાર્તાલાપ પૂર્ણ કર્યો.

પાંચમા અને છેલ્લા વક્તા શ્રી સુશીલાબેન ભક્ત હતાં. પૂ. શ્રી સાથે એમને ગંગોત્રી યાત્રા કરવાનું સદ્‌ભાગ્ય સાંપડેલું તેના નાના નાના પ્રસંગોની સરસ રજૂઆત કરતાં સ્વચ્છતાના પાઠો તથા ક્ષણે ક્ષણે હસ્ત પ્રક્ષાલનમ્‌ના પાઠો પૂ. શ્રી પાસે શીખવાના છે તે વાત ઉપર ભાર મૂક્યો.

યાત્રામાં રસ્તે ગાડી બગડી તો પૂ. શ્રીએ ખુલ્લા ખેતરમાં નાનકડા પાત્રમાં ખીચડી બનાવીને તેમાંથી સૌને પ્રસાદીમાં મળેલી તે ખીચડીથી સૌ પરિતૃપ્તિ પામ્યા તેની આશ્ચર્યકારક વાતો પણ કરી, એ રીતે પૂ. શ્રીની મહાનશક્તિને બિરદાવી. વળી પૂ. શ્રીના જીવનની કરકસરની વાતો તથા શ્રીપરમાર્થીની એક નાનકડી ઇચ્છાને સહજ રીતે પૂ. શ્રીએ જાણી લીધી અને એક

મંદિરમાં કેવા વિવિધ પ્રકારના ભાતનો પ્રસાદ શ્રી પરમાર્થીને ધરી દીધો તેની અદ્‌ભુત વાતો કરી.

સાંજે ફરી પૂ. શ્રીની અમૃતવાણીનું સૌ સાધક ભક્તોએ રસપાન કર્યું. આજે પણ જાણીતા ભજનીક શ્રી નીતિનભાઇ કારીયાએ ગુરુભક્તિનાં સરસ પદો એક કલાક સૌને સંભળાવ્યાં તેમાં એક પદની પંક્તિ સૌને આકર્ષી ગઇ.

સદ્‌ગુરુએ શાનમાં સમજાવ્યું રે લોલ,
સત્સંગ વિના રે સુખ ક્યાંયે નથી રે લોલ.

ગરબાના ઢાળમાં એ ભજને સૌને ડોલાવ્યા કાર્યક્રમની પૂર્ણાહુતિમાં પૂ. માએ પ્રસન્ન થઇને પેલા બાળકલાકાર પાર્થને ફરીથી સૌ સમક્ષ ઊભો કર્યો.

અને એ બાળ પાર્થે ફરીથી કીબોર્ડ ઉપર પૂ. માનું જ ભજન સરસ રીતે શરૂ કર્યું.

'કૃષ્ણા તારી પાસે માગું એટલું રે.'

એ સંગીતસાથે શ્રી નીતિનકારીયાએ તરત જ અર્ધ્ય પુસ્તકમાંથી સૌને તે ભજન ગવડાવ્યું. પાર્થનું વાજીંત્ર, શ્રી નીતિનભાઇનો કંઠ તો તબલાં શ્રી હેમંતકુમારના ને મંજીરા વળી શ્રી ભગવાનજીના. અહીં પણ સંગીતની મસ્તી સૌએ મન મૂકીને માણી.

કાર્યક્રમને અંતે શ્રી ભગવાનજીભાઇ ભક્ત તરફથી સૌનો આભાર માનતો પૂ. માના સ્વરૂપવાળો સરસ કાર્ડ પ્રસાદમાં મળ્યો. તો કેનેડાના શ્રી અંબુભાઇએ ભાગવત પારાયણ પ્રસંગે પણ પૂ. માની તસ્વીરનો પ્રસાદ સૌને ધર્યો.

છેવટે સૌ પૂ. શ્રીને અતિપ્રિય એવી ખીચડીનો પ્રસાદ આરોગી પરિતૃપ્તિ પામ્યા. એ રીતે આજનો ઉત્સવ પરિસમાપ્તિ પર પહોંચ્યો.



આ કાર્યક્રમમાં એક મુસ્લિમ દંપતિ પણ પધાર્યું હતું. જે સાંજની પ્રાર્થનામાં પણ શ્રી હેમંત સાથે હાજરી આપતું હતું. તેમણે મુસ્લિમભાઇઓના રોજા કરતાં પણ પૂ. માનાં તપ વ્રતો આકરાં છે એવો ભાવ વ્યક્ત કર્યો.

પૂ. માએ તા. ૧૭ મી તથા તા. ૧૮ મી બંને દિવસ પાણી પણ નહીં એવા નિર્જળા ઉપવાસો કર્યા હતા. છતાં ખૂબ પ્રસન્નતાથી ખૂબ સ્વસ્થતાથી આખાયે કાર્યક્રમમાં હાજરી આપી સૌને દર્શન સુખ ધરતાં રહ્યાં.

ભક્ત દંપતિ શ્રી ભગવાનજીભાઇ, શ્રી કંચનબેનના મનનો નાનકડો શુભ વિચાર બે મંગલમય ઉત્સવો ધરતો ગયો. સૌ સાધકોની ઉતારાની ભોજનની ઉત્તમ સગવડ ઉદારભાવે એમણે જ કરી હતી.

સૌ સાધક ભક્તોને પ્રેમથી નિમંત્રણ પાઠવ્યું તો ભક્તોએ પણ આ ભગવાનગૃહને ભર્યું ભર્યું કરવામાં પાછી પાની ના કરી. જાણે પોતાને આંગણે લગ્નોત્સવ કરતાં પણ વિશેષ કોઇ દૈવી ઉત્સવ હોય એવી પ્રેમભરી સેવા સૌની કરી. સૌને વિદાયના મિષ્ટ પદાર્થના પેકેટો પણ ધર્યાં. આ ભક્તદંપતિની સેવા શ્રદ્ધાભક્તિ, ઉદારતા, અંતરનો ભગવદ્‌ભાવ સૌને આકર્ષતો રહ્યો. સૌ પોતાના જ ઘરમાં આવ્યા હોય એવું સ્નેહભર્યું વાતાવરણ અનુભવી આનંદિત થયા.

વિવિધ સ્થળેથી કેટલાયે ભક્તો જુદા જુદા વિમાનમાં જુદા જુદા સમયે પધાર્યાં. તે સૌને લેવા જવાની તથા તેમના ઉતારાની સગવડોનો સહયોગ ધરી પરમાર્થીનાં નાનાં બેન શ્રી ગુલાબબેને પણ ઉત્તમ રીતે સેવા બજાવી તેમના સેવાભાવી પુત્ર કિશોરે પણ

શ્રી ભગવાનજીભાઈની પડખે રહી સૌને સહાયક બની ઊભો રહ્યો. હેમંત–શેખરની બંધુ બેલડીએ પણ પોતાનો યોગ્ય સહયોગ આ કાર્યક્રમમાં ધર્યો. તો શ્રીધીરૂભાઈ દેસાઈ તથા શ્રી સરસ્વતીબેન તથા શ્રી ચંદુભાઈ ભક્ત અને શ્રી મણિબેન ભક્તે પોતાનો ઉત્તમ સહયોગ ધરી આ ઉત્સવને સફળ બનાવવાના પ્રયત્નો કર્યા તે સૌ અભિનંદનીય છે.

પૂ. માના અનન્ય ભક્ત–સેવક તરીકે આ ભક્તદંપતિ શ્રી ભગવાનજી તથા શ્રી કંચનબેને જે કાંઈ કર્યું તે ઉત્તમ હતું. ધન્યવાદ ધરી શકાય તેવું તેમનું ઉત્તમ આચરણ હતું.

એમના આંગણે આવા ઉત્સવો ઉજવાતા રહે ને અમે સૌ અહીં પૂ. માના દર્શને આવતા રહીએ એવી એવી શુભ ભાવનાઓ વ્યક્ત કરતાં કરતાં સૌ સાધક ભાઈબેનોએ આ કૃપાળુધામમાંથી વિદાય લીધી.

બારમા વર્ષના બે મંગલ મહોત્સવ આ રીતે વિદેશ ની ધરતી ઉપર પૂર્ણ થયા.

### ચૂંટેલા પુષ્પો

સત્કાર્ય માટે આપણે પાકો નિશ્ચય કરવાનો છે પછી એને પૂર્ણ કરવાનું કામ ભગવાનનું છે. ગમે તેટલાં વિઘ્ન આવે તોય સત્કાર્યને પાર પાડવાનો નિશ્ચય કરી લઈએ. પછી ભગવાન જ વિઘ્નોનો નાશ કરશે ને પાર ઉતારશે. આપણે તો નિમિત્ત માત્ર છીએ.

(મહારાજ શ્રી રણછોડદાસ મહારાજની અમૃતવાણી)

## ગીતામાં ક્યાંય બાહ્ય વિધિવિધાનનું નિરૂપણ નથી

ગીતામાં ક્યાંય બાહ્ય વિધિ, દેખાવ કે સંપ્રદાયનું નામ નથી. તે તો બધાં ડાળીપાંદડાં છે. તેને છોડી દઈને ગીતાએ ધર્મના મૂળ સિદ્ધાંતો તરફ સૌનું લક્ષ દોર્યું છે. કેટલાક ગ્રંથો ધર્મના બાહ્ય વિધિવિધાન ને સાધનને જ મુખ્ય માનીને તેનો ઉપદેશ કરે છે. કોઈ કહે છે કે અમુક મતના અનુયાયીએ અમુક જાતનું જ તિલક કરવું જોઈએ તો કોઈ પોતાના અનુયાયીઓને માટે બીજી જ જાતનું તિલક બતાવે છે. જુદી જુદી જાતની માળા ને જુદા જુદા વેશનાં વિધાનો પણ ખૂબ રસ ઉપજાવે તેવાં હોય છે. આમાંથી કેટલીક વાર કટ્ટરતા પણ ઉત્પન્ન થાય છે. માણસો પોતાના પંથના અનુયાયીઓને સ્વર્ગ તથા પ્રભુની કૃપા માટેના યોગ્ય ઉમેદવારો માને છે ને બીજા પંથના અનુયાયીઓને પરાયા માનીને કોઈ કોઈ વાર તિરસ્કારબુદ્ધિથી પણ જુએ છે. આને લીધે ધર્મધર્મ વચ્ચે કેટલીક વાર વિખવાદ પણ થાય છે. માણસો ધર્મના બહારના માળખાને સાચો ધર્મ માની લે છે તેનું આ પરિણામ છે. જડ શરીર કાંઈ આત્મા નથી. તેમ જ ડાળીપાંદડાં કાંઈ ઝાડનું મૂળ નથી. તેવી રીતે ધર્મનું બાહ્ય માળખું કાંઈ સાચો ધર્મ નથી. તે તો માણસની રુચિ પ્રમાણે તૈયાર થયું છે ને સંજોગો પ્રમાણે ફેરવાયા કરે છે. માણસે ધર્મના પ્રાણને પકડવો જોઈએ. પણ એ પ્રાણ કેવી રીતે પકડાય? પાણીની અંદર લાકડાં ને પાંદડાં પડી ગયાં છે તેને સાફ કરવાથી ચોખ્ખું પાણી મળી શકે. અથવા તો શરીરની અંદર ઊંડા ઊતરવાથી આત્માનો પ્રકાશ સાંપડી શકે.

યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

# * સંસારમાં બે પ્રકારના માનવો *

સંસારમાં બંને પ્રકારના માનવો છે : અર્જુન અને દુર્યોધન. જે બીજાનું હડપવા માગે છે, અન્યાય અથવા અનૃતથી ઉપાર્જન કરેલી સમૃદ્ધિને ભોગવવાની ભાવના રાખે છે, બીજાના ન્યાયોચિત અધિકારોનો નાશ કરવામાં આનંદ અનુભવે છે, દુર્વિચાર–દુર્ભાવ–દુષ્કર્મને લીધે, બીજાને પીડે છે, એવા માનવોને દુર્યોધનના વંશજો કહી શકાય. જે નમ્રતા, નિખાલસતાની મૂર્તિ છે, ભગવાનને જીવનરથના સારથિ બનાવી ચૂક્યા છે, જે ભગવાનના મંગલમય માર્ગદર્શન પ્રમાણે ચાલે છે કે ચાલવા માગે છે, તે બધા અર્જુનો છે. આજે આજુબાજુ બધે અશાંતિના ઓળાઓ ઉતરેલા છે એનું એક કારણ એ પણ છે કે માનવને અર્જુનની પેઠે પરમાત્માનું શરણ સ્વીકારવાની ને પરમાત્માની પ્રેરણા મેળવીને જીવનનું નિર્માણ કરવાની અભિરુચિ થતી નથી. માનવ દુર્યોધનની પેઠે દુષ્કર્મ પરાયણ હશે ત્યાંસુધી સુખી નહીં થઈ શકે. સમાજ કે રાષ્ટ્રને પણ સુખી નહીં બનાવી શકે. દુર્યોધન જીવનના જંગમાં કદી પણ વિજયી બનતો નથી. શરૂઆતમાં કુકર્મોની મદદથી તે સુખી ને સમૃદ્ધ, ફાલેલો ફૂલેલો, માતેલા સાંઢ જેવો જણાય તોપણ અંતે અધઃપતન પામે છે અર્જુન પાંડવો સાથે પીડા પામે છે, કષ્ટો વેઠે છે, ચિંતા–પરિતાપ–ક્લેશોમાંથી પસાર થાય છે પરંતુ છેવટે આત્મિક સામ્રાજ્યનો, સુખ–શાંતિ–સમૃદ્ધિનો ઉપભોક્તા બને છે.

**યોગેશ્વરજી**

પ્રાપ્તિસ્થાનઃ–પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.